ડિજિટલ ગુજરાત પોર્ટલ

નં.અજાક/ગ-૧/૫/૨૫-૨૬/૨૨૦૦
નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ
૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
E-mail: dd1-dscw@gujarat.gov.in
તા.૦૭/૦૬/૨૦૨૫

પ્રતિ,
(૧) નાયબ નિયામકશ્રી,
અનુ.જાતિ કલ્યાણ, જિ...................... (તમામ)

વિષય:- **Digital Gujarat Portal** પર પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ ગણવેશ સહાય / સાયકલ યોજનાઓના અમલ બાબત (વર્ષ:૨૦૨૫-૨૬).
**(Website: https://www.digitalgujarat.gov.in)**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) મારફત ચુકવી શકાય તે હેતુ થી રાજ્ય સરકારશ્રી દ્વારા **Digital Gujarat Portal** ડેવલોપ કરી વર્ષ: ૨૦૧૭-૧૮થી સદરહું પોર્ટલ મારફત શૈક્ષણિક યોજનાનો અમલ કરવામાં આવે છે.

**Digital Gujarat Portal**માં હાલ અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી હસ્તકની આ સાથેના **પત્રક-અ** મુજબની રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય/સાયકલ સહાય યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. અગાઉના વર્ષે જે રીતે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની આ યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરવામાં આવેલ હતો તે જ રીતે શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬માં પણ અમલ કરવાનો થાય છે. **Digital Gujarat Portal**માં જે સુધારા વધારા કરવામાં આવેલ છે તેની સમજ પણ વખતો વખત વડી કચેરી દ્વારા તેમજ **Digital Gujarat Portal** પર સૂચનાઓ આપી આપવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬ ટુંક સમયમાં શરૂ થનાર છે તેથી તમામ જિલ્લા અધિકારીશ્રીઓને સૂચના આપવામાં આવે છે કે આપના તાબા હેઠળની સંબંધિત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ/ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓને પરિપત્ર કરી વર્ષ:૨૦૨૫-૨૬માં આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓની દરખાસ્તો આ સાથેના માસવાર આયોજનના પત્રકમાં દર્શાવેલ સૂચનાઓ મુજબ સમયસર ઓનલાઇન મેળવવાની રહેશે.

માન. કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તેમજ શાસનાધિકારીશ્રી તથા જિલ્લા વહીવટી તંત્રના સંકલન અને સહકારથી આ કામગીરીને સફળતાપૂર્વક પાર પાડવાના લક્ષ્ય સાથે કામગીરી કરવાની છે. જે માટે દરેક સંબંધિત શાળાઓને સૂચના આપવા બાબતના પરિપત્રની નમુનારૂપ નકલ આ સાથે સામેલ છે.

**Digital Gujarat Portal** ના માધ્યમથી ઓનલાઇન યોજનાના અમલીકરણના અભિગમને સફળ બનાવવા તમામ જિલ્લા કચેરીઓમાં Internet/GSWANનું જોડાણ હોવું આવશ્યક છે જે બાબતે વડી કચેરી દ્વારા વખતો-વખત સૂચનાઓ આપવામાં આવેલ છે. જેથી જે જિલ્લા કચેરીમાં Internet/GSWANનું જોડાણ હાલ ન હોય કે કાર્યરત ન હોય તે કચેરીએ જોડાણ મેળવવા અંગેની કાર્યવાહી તાત્કાલિક કરી લેવાની રહેશે.

માન. અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર દ્વારા પણ **Digital Gujarat Portal**ની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય/સાયકલ સહાય યોજનાની **વર્ષ:૨૦૨૫-૨૬ની** ઓનલાઇન પ્રપોઝલો મેળવવાની કામગીરીને માસવાર કરેલ આયોજન મુજબ સમય મર્યાદામાં પૂર્ણ કરવા સૂચના આપેલ છે. તે મુજબ આયોજન કરવા સર્વે અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.

**Digital Gujarat Portal** મારફત વર્ષ:૨૦૨૫-૨૬ની શિષ્યવૃતિ ચૂકવણા અંગેની કામગીરીને સફળ બનાવવા નીચેની વિગતોને ધ્યાને રાખવાની રહેશે.

૧. સદરહું પોર્ટલ મારફત તમામ પાત્રતા ધરાવતી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓએ Online દરખાસ્ત કરવાની હોવાથી આવી તમામ શાળાઓને અગાઉના વર્ષમાં આપવામાં આવેલ ID / Password ના આધારે **વર્ષ:૨૦૨૫-૨૬**ના લોગીનમાં કામગીરી કરવાની રહેશે. જો કોઇ શાળાને પોતાનો પાસવર્ડ યાદ ન હોય તો તેવી શાળાઓએ **"Forget Password"** Option ના આધારે નવો પાસવર્ડ મેળવી લેવાનો રહેશે. (જો કોઇ શાળા પ્રથમ વખત જ લોગીન કરતા હોય તો તેના માટે શાળાનો DISE Code તેઓનો યુઝર આઇ.ડી રહેશે અને By Default પાસવર્ડ **Abcd@123** રહેશે જે પ્રથમ વખતના લોગીન માટે રહેશે ત્યારબાદ શાળાએ લોગીન થયેથી પાસવર્ડ બદલવાનો રહેશે.)

૨. રાજ્યની તમામ પ્રાથમિક શાળા, માધ્યમિક શાળાઓ તથા ગ્રા.ઇ.એ. આશ્રમશાળાઓ લોગીન કરે/ઓનલાઇન દરખાસ્ત કરે જેથી શિષ્યવૃત્તિને લાયક વિદ્યાર્થી લાભથી વંચિત રહી ન જાય. આ કામગીરી માટે જિલ્લાકક્ષાએ નાયબ નિયામકશ્રી-અજાકએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તથા જિલ્લા શાસનાધિકારીશ્રી તથા જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી સત્વરે આ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

3. શાળા/સંસ્થા જે ઓનલાઇન દરખાસ્તો મોકલશે તે સંબંધિત જિલ્લા કચેરીઓમાં ઓનલાઇન આવશે જેથી જિલ્લા કચેરીઓએ પણ સદરહું પોર્ટલમાં ID/Password મેળવવા જરૂરી છે. તમામ જિલ્લા કચેરીઓએ અગાઉના વર્ષમાં જે "ડીલીંગ હેન્ડ" તથા "હાયર ઓથોરીટી" ના ID/Password આપવામાં આવેલ હતા તે જ ID/Password નો ઉપયોગ કરી કામગીરી કરવાની રહેશે. જો કોઇ કર્મચારી/અધિકારીશ્રીએ અગાઉ ID/Password મેળવેલ ન હોય કે કર્મચારી/અધિકારીશ્રીઓની કામગીરી બાબતમાં ફેરફાર થયેલ હોયતો જિલ્લાની NIC

કચેરીનો સંપર્ક કરી ID/Password તાત્કાલિક મેળવી લેવાના રહેશે. જે જિલ્લા કચેરીઓએ હજી પણ ID/Password લીધેલ ન હોય તેઓએ તાત્કાલિક દિન-૨માં ID/Password મેળવી લેવા તાકીદ કરવામાં આવે છે.

૪. સદરહું પોર્ટલમાં વેરીફીકેશ અને મંજૂરી એમ ૨(બે) કક્ષાએ કામગીરી કરવાની હોય કચેરી દીઠ બે ID/Password લેવાના રહેશે. વેરીફીકેશન માટે જુ.ક્લાર્ક/સિનિ.ક્લાર્ક/હે.ક્લાર્ક-સમાજ કલ્યાણ નિરીક્ષક/મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીશ્રી અને મંજૂરી માટે કચેરીના વડા જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.ક.) રહેશે.

૫. **Digital Gujarat Portal**ના ટેકનીકલ કે અન્ય પ્રશ્નો માટે વડી કચેરીની શિક્ષણ શાખાને તાત્કાલિક જાણ કરવાની રહેશે તેમજ ઓનલાઇન પોર્ટલની તમામ પ્રકિયા Mozila કે Chrome બ્રાઉઝરના અપડેટ થયેલ વર્ઝનમાં કરવાની રહેશે સદરહું બાબત શાળાઓને પણ લાગુ પડે છે.

૬. સદરહું પરિપત્ર મળ્યેથી માન્યતા ધરાવતી તમામ પ્રાથમિક/માધ્યમિક શાળાઓને તેમજ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓને તાત્કાલિક પરિપત્ર કરવાનો રહેશે તેમજ ચાલુ વર્ષના આયોજનની અને કરવાની થતી કામગીરીની જાણ કરવાની રહેશે.

૭. જિલ્લા અધિકારીશ્રીઓ જે તે જિલ્લાની શૈક્ષણિક સંસ્થા/શાળાઓથી વધુ વાકેફ હોઇ, આ સાથેના નમુના રૂપ પરિપત્રમાં જિલ્લાને અનુરૂપ ફેરફારને અવકાશ છે. જિલ્લાએ કરેલ પરિપત્રની નકલ વડી કચેરીએ પણ મોકલી આપવાની રહેશે.

૮. **Family ID Project બાબત**

ફેમીલી આઇ.ડી. પ્રોજેક્ટ અંતર્ગત વર્ષ: ૨૦૨૪-૨૫થી રાજ્ય પુરસ્કૃત પ્રિમેટીક શિષ્યવૃત્તિ યોજનામાં આધારનંબર, રેશનકાર્ડ નંબર તથા રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી. લેવાની સૂચનાઓ મળેલ છે જેથી તમામ વિદ્યાર્થીઓના આધારનંબર, રેશનકાર્ડ નંબર, રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી., નો ડેટા પણ ઓનલાઇન લેવાનો થશે. જે માટે પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ઓનલાઇન એન્ટ્રી કરતી વખતે એન્ટ્રી સ્ક્રીનમાં પણ જરૂરી સુધારા-વધારા કરવામાં આવેલ છે જે મુજબ આચાર્યશ્રીઓએ એન્ટ્રી કરવાની રહેશે.

૯. **વિદ્યાર્થીઓના Aadhaar Based Biometric eKYC કરવા બાબતે અગત્યની સૂચનાઓ:**

કેન્દ્ર સરકારશ્રી દ્વારા કેન્દ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ (BCK-4 & BCK-35(239)) અંતર્ગત તમામ વિદ્યાર્થીઓનું ફરજિયાત Aadhaar Based Biometric eKYC કરવાની સૂચનાઓ આપવામાં આવેલ છે.

ઉકત બાબતે નક્કી થયા મુજબ રાજયમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા રેશનકાર્ડના ડેટાબેઝમાં તમામ લાભાર્થીઓનું Aadhaar Based Biometric eKYC કરવામાં

આવી જ રહેલ છે. જેથી રાજ્યના અન્ય વિભાગોએ જ્યાં-જ્યાં Aadhaar Based Biometric eKYC કરવાની જરૂર પડે ત્યારે સંબંધિત વિભાગોએ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ડેટાબેઝ સાથે ઓનલાઇન Integration કરી API Service મારફત સંબંધિત વિદ્યાર્થીઓની આધારની eKYCની વિગતો મેળવી લેવાની રહે છે.

ડિજિટલ ગુજરાત પોર્ટલ પર આ બાબતનું Integration already કરવામાં આવેલ છે. જેથી તમામ આચાર્યશ્રીઓ પોતાની શાળાના વિદ્યાર્થીઓના Aadhaar Based Biometric eKYCનો ડેટા ઓનલાઇન એન્ટ્રી કરતી વખતે વિદ્યાર્થીઓનો રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી. એન્ટર કરીને મેળવી શકશે. કેન્દ્ર સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત જો વિદ્યાર્થીઓનું Aadhaar Based Biometric eKYC "Yes" હશે તો જ વિદ્યાર્થીઓ પ્રપોઝલ બનાવતી વખતે સર્ચ થઇ શકશે જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે.

વિદ્યાર્થીનું Aadhaar Based Biometric eKYC ત્યારે જ "Yes" આવશે જ્યારે વિદ્યાર્થીઓએ અન્ન નાગરિક પુરવઠા વિભાગના રેશનકાર્ડના ડેટાબેઝમાં પોતાનું Aadhaar Based Biometric eKYC કરાવેલ હશે. વિદ્યાર્થી પોતાનું Aadhaar Based Biometric eKYC "My Ration" Mobile Application દ્વારા તથા મામલતદાર કચેરીની મુલાકાત લઇ કરી શકે છે તથા ગ્રામ પંચાયત કચેરીમાં VCE મારફત તથા આચાર્યશ્રી પણ અન્ન નાગરિક પુરવઠા વિભાગના રેશનકાર્ડના ડેટાબેઝમાં Aadhaar Based Biometric eKYC કરી શકશે.

જે વિદ્યાર્થીઓએ Aadhaar Based Biometric eKYC કરાવવાનું થાય તેઓ પાસે રેશનકાર્ડ હોવું ફરજિયાત છે તથા રેશનકાર્ડ માં નામ હોવુ ફરજિયાત છે.

૧૦. **HoI (Head of Institute) / INO (Insitute Nodal Officer)ના Aadhaar Based Biometric eKYC કરવા બાબતે અગત્યની સૂચનાઓ:**

કેન્દ્ર સરકારશ્રી દ્વારા કેન્દ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ (BCK-4 & BCK-35(239)) અંતર્ગત તમામ HoI/INOના Aadhaar Based Biometric eKYC કરવાની સૂચનાઓ આપવામાં આવેલ છે.

ઉકત બાબતે નક્કી થયા મુજબ રાજયમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા રેશનકાર્ડના ડેટાબેઝમાં તમામ વ્યક્તિઓનુ Aadhaar Based Biometric eKYC કરવામાં આવી જ રહેલ છે. જેથી રાજ્યના અન્ય વિભાગોએ જ્યાં-જ્યાં Aadhaar Based Biometric eKYC કરવાની જરૂર પડે ત્યારે સંબંધિત વિભાગોએ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ડેટાબેઝ સાથે ઓનલાઇન Integration કરી API Service મારફત સંબંધિત વિદ્યાર્થીઓની આધારની eKYCની વિગતો મેળવી લેવાની રહે છે.

ડિજિટલ ગુજરાત પોર્ટલ પર આ બાબતનું Development already કરવામાં આવેલ છે. જેથી તમામ આચાર્યશ્રીઓએ પોતાના લોગીનમાં જઇને HoI/INOનું **Aadhaar Based Biometric eKYC કરવા બાબતનું ફોર્મ ફરજિયાત ઓનલાઇન ભરીને જિલ્લા કચેરીઓને સબમીટ કરવાનું રહેશે.**

કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા તમામ HoI/INOના Aadhaar Based Biometric eKYC કરવાની સૂચનાઓ આપવામાં આવેલ હોય તમામ આચાર્યશ્રીઓએ પોતાના લોગીનમાં જઇને જરૂરી વિગતો ફરજિયાત ભરવાની રહેશે.

જે આચાર્યશ્રીઓએ પોતાનો eKYC બાબતનો ડેટા ઓનલાઇન ભરીને જિલ્લા કચેરીએ મોકલેલ હોય તે ડેટા જિલ્લા કચેરીના હાયર ઓથોરીટીના લોગીનમાં જોઇ શકાશે. આ ડેટા જિલ્લા કચેરીઓએ વેરીફાઇ કરીને Approve કરવાનો રહેશે. જિલ્લાની SC/ST/OBC કચેરી આ ડેટા વેરીફાઇ કરી શકશે.

૧૧. બાલવાટીકા ગણવેશ સહાય(નવી યોજના)

વર્ષ ૨૦૨૫-૨૬ થી બાલવાટીકા (ધો.-૧ પહેલાનુ વર્ષ)માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવાની નવી યોજના સરકારશ્રીના તા.૦૩/૦૪/૨૦૨૫ના ઠરાવથી અમલમાં મુકવામાં આવેલ છે. જેથી ચાલુ વર્ષમાં રાજ્યની શાળાઓમાં બાલવાટીકા (ધો.-૧ પહેલાનુ વર્ષ)માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ગણવેશ સહાયની પ્રપોઝલ સંબધિત શાળાઓ પાસેથી ઓનલાઇન મેળવી લેવાની રહેશે.

આમ ઉક્ત તમામ વિગતો ધ્યાને લઇ તમામ આનુષાંગિક કામગીરી કરવા તમામ જિલ્લા અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.

નિયામક
અનુસુચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ

નકલ સવિનય રવાના:-

(૧) અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૨) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, બિરસા મુન્ડા ભવન, ગાંધીનગર તરફ જાણ સારૂ.
(૩) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, જુના સચિવાલય, બ્લોક નં:૧૨/૨ ગાંધીનગરને જાણ તેમજ તમામ શિક્ષણાધિકારીશ્રીને માધ્યમિક શાળાના આચાર્યો ચાલુ વર્ષની કામગીરી સફળ બનાવે તે માટે જિલ્લા કક્ષાએ જરૂરી સુચના આપવા સારૂ.
(૪) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, જુના સચિવાલય, બ્લોક નં:૯/૨ ગાંધીનગરને જાણ તેમજ તમામ પ્રાથમિક/તાલુકા શિક્ષણાધિકારીશ્રીને "પ્રાથમિક શાળાના આચાર્યશ્રીઓ" ચાલુ વર્ષની કામગીરી સફળ બનાવે તે માટે જિલ્લા કક્ષાએ જરૂરી સુચના આપવા સારૂ.
(૫) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, જૂના સચિવાલય, ગાંધીનગરને જાણ તથા જરૂરી સંકલન સારૂ.
(૬) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, જુના સચિવાલય, ગાંધીનગરને જાણ તથા જરૂરી સંકલન સારૂ.
(૭) સિનિયર ટેકનીકલ ડાયરેક્ટરશ્રી, સ્ટેટ N.I.C. સેન્ટર, બ્લોક નં-૧૩/૨, નવા સચિવાલય, ગાંધીનગરને જાણ તેમજ ઉક્ત પોર્ટલને આયોજન મુજબ કાર્યરત કરવા સારૂ.

## વર્ષ: ૨૦૨૫-૨૬માં Digital Gujarat Portal મારફત Online કરવાની થતી પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય/સાયકલ સહાય યોજનાઓની વિગત (પત્રક-અ)

### સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત રાજ્ય

### નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર

| ક્રમ | યોજનાનુ નામ | જાતિ | ધોરણ | કુમાર કન્યા | શિષ્યવૃતિ દર / સહાય (વાર્ષિક) | વાર્ષિક આવક મર્યાદા | શાળાઓની વિગતો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | BCK-2/71 PreMatric Scholarship For SC (Std: 1 to 8) & (Std: 9 to 10) (GoG) | SC (અનુસૂચિત જાતિ) | ધો.૧ થી ૫ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ/ આશ્રમશાળાઓ |
| | | | ધો. ૬ થી ૮ | કુમાર | રૂ.૭૫૦/- | | |
| | | | ધો. ૬ થી ૮ | કન્યા | રૂ.૧૦૦૦/- | | |
| | | | ધો. ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૧૦૦૦/- | | |
| ૨ | BCK-17 Scholarship for Most Backword Class Among SC Students (Std: 1 to 8) & BCK-17A : (Std: 9 to 10) (GoG) | SC (માત્ર અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિ) | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ. ૧૦૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| | | | ધો ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૧૫૦૦/- | | |
| 3 | BCK-16 Uniform Assistance to SC Students (Std: 1 to 8) (GoG) | SC (તમામ અનુસૂચિત જાતિ) | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ.૯૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| 3એ | BCK-16A Uniform Assistance to SC Students (In Balvatika) (GoG) | SC (અનુસૂચિત જાતિ) | બાલવાટીકા | કુમાર/ કન્યા | રૂ.૯૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| ૪ | BCK-4 Scholarship for Those Engaged in Cleaning and Prone to Health Hazards Occupation (Std: 1 to 8) & (Std: 9 to 10) (GoI) | સ્વચ્છતાના વ્યવસાયમાં રોકાયેલ વાલીના બાળકો | ધો ૧ થી ૧૦ | કુમાર/કન્યા | (ધો:3 થી ૧૦) હોસ્ટેલરને રૂ.૮૦૦૦/-<br>(ધો: ૧ થી ૧૦) ડેસ્કોલરને રૂ.૩૫૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળા |
| ૫ | BCK-35 (239) PreMatric Scholarship for SC Students (Std: 9-10) (GoI) | SC (તમામ અનુસૂચિત જાતિ) | ધો-૯ થી ૧૦ | કુમાર/કન્યા | હોસ્ટેલરને રૂ.૭૦૦૦/-<br>ડેસ્કોલરને રૂ.૩૫૦૦/- | રૂ.૨,૫૦,૦૦૦/- | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| ૬ | BCK-6 Free Cycle Scheme for Scheduled Caste Girls Students studying in Std:9 (Saraswati Sadhana Yojana) | SC (તમામ અનુસૂચિત જાતિ) | ધો: ૯ | માત્ર કન્યા | મફત સાયકલ સહાય | રૂ.૬,૦૦,૦૦૦/- | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત માધ્યમિક શાળાઓ |

**નોંધ:** ક્રમનં: ૪ તથા ૫ મુજબની યોજના અંતર્ગત કુલ શિષ્યવૃત્તિની ૪૦% રકમ રાજ્ય સરકારશ્રી દ્વારા ચુકવવામાં આવશે જ્યારે બાકીની ૬૦% રકમ કેંદ્ર સરકારશ્રી દ્વારા ડાયરેક્ટ વિદ્યાર્થીઓના બેંક ખાતામાં ચુકવવામાં આવશે. વધુમાં આ રકમ આધારબેઝ એટલેકે આધારનંબર સાથે જે બેંક ખાતુ લીંક હશે તેમા જ ચુકવવામાં આવશે જેથી તમામએ નોંધ લેવાની રહેશે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર

**પ્રાથમિક/માધ્યમિક શાળાઓ તેમજ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓ પાસેથી વર્ષ:૨૦૨૫-૨૬ની શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય / સાયકલ સહાય યોજનાઓની Online દરખાસ્ત મેળવવા બાબતનુ તેમજ જિલ્લા કચેરીએ કરવાની થતી કામગીરીનું "માસવાર આયોજન" પત્રક**

| અ | માસ | NIC દ્વારા થનાર કામગીરી | શાળાઓની કામગીરી | જિલ્લા કચેરીએ કરવાની કામગીરી |
|---|---|---|---|---|
| ૧ | મે-જુન-૨૦૨૫ | - પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓના ગત વર્ષના વિદ્યાર્થીઓનુ ૧ ધોરણ અપગ્રેડ કરી તા:૩૦/૦૫/૨૦૨૫ સુધીમાં વર્ષ:૨૦૨૫-૨૬ માટે પ્રપોઝલ બનાવવા મુકવા. | - વર્ષ:૨૦૨૫-૨૬ના વિદ્યાર્થીઓની માહિતી શાળાના લોગીનમાં NIC દ્વારા મુકવામાં આવશે જે એન્ટ્રી તા:૦૧/૦૬/૨૦૨૫ થી ૧૫/૦૬/૨૦૨૫ સુધીમાં ચેક કરી જો સુધારા વધારા કરવાની જરૂર જણાય તો તે કરી લેવા. (વર્ષ:૨૦૨૫-૨૬ માટે તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી ૧ વાર ચકાસવી ફરજિયાત છે) (જો વિદ્યાર્થીએ શાળા છોડી દીધેલ હોય તો તેની એંટ્રી ડિલીટ કરવી)<br>- તા:૩૦/૦૬/૨૦૨૫ સુધીમાં જેટલા વિદ્યાર્થીઓ પ્રપોઝલ બનવા માટે રેડી હોય તેઓની પ્રપોઝલ બનાવીને મોકલી આપવી. | - તમામ શાળાઓને વર્ષ ૨૦૨૫-૨૬નો પરિપત્ર તા:૩૦/૦૫/૨૦૨૫ સુધીમાં મોકલી આપવો.<br>- જેમ જેમ દરખાસ્તો મળતી જાય તેમ અરજીઓ મંજુર કરવી. |
| ૨ | જુલાઇ-ઓગસ્ટ-સપ્ટેમ્બર-ઓક્ટોબર-નવેમ્બર-૨૦૨૫ | - જે વિદ્યાર્થીઓની એન્ટ્રી નવી થાય તેઓનું બેંક વેરીફીકેશન / PFMS Status ચેક કરાવી પ્રપોઝલ બનવા માટે રેડી કરવા.<br>- પ્રપોઝલ તથા બિલોના ટેકનિકલ પ્રશ્નોનું નિરાકરણ કરવુ. | - બાકી રહેલ તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી પૂર્ણ કરવી તેમજ પ્રપોઝલો ક્રિએટ કરી તા:૩૧/૧૦/૨૦૨૫ સુધીમાં Higher Authority ને સેન્ડ કરવી. | - વર્ષ ૨૦૨૫-૨૬ની દરખાસ્તો શાળાઓ પાસેથી ઝડપથી મેળવી મંજૂરીની કામગીરી તથા IFMS/PFMSમાં બિલો બનાવી ચૂકવણાની કામગીરી કરવી અને તા:૧૫/૦૭/૨૦૨૫ સુધીમાં ૮૦% વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવાય જાય તે મુજબ આયોજન કરવુ.<br>- વર્ષ ૨૦૨૫-૨૬ની ૧૦૦% પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાયની પ્રપોઝલ નિયમોનુસાર મંજૂર કરી બિલો બનાવી તમામ વિદ્યાર્થીઓને તા:૩૦/૧૧/૨૦૨૫ સુધીમાં ચૂકવણું થઇ જાય તે મુજબનું આયોજન કરવુ. |

નોંધ:-

- જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Payment Transaction Fail થયેલ હતા તેવા શાળાના તમામ વિદ્યાર્થીઓને જે તે બેંકનો સંપર્ક કરાવી વિદ્યાર્થી/પિતા-વાલીનુ ખાતુ એક્ટીવ રહે તે મુજબની કાર્યવાહી શાળાઓએ કરવાની રહેશે. જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Epayment થયેલ હતા તેવા વિદ્યાર્થીઓના ખાતા પણ ફ્રીઝ/ડોરમેન્ટ/બંધ થઇ ગયેલ નથી તેની પણ ખાતરી કરવા વિદ્યાર્થીઓ સાથે સંકલન કરી કામગીરી કરવાની રહેશે, વિદ્યાર્થીઓના બેંક ખાતા રાજ્યમાં આવેલી બેંક-બ્રાંચમાં હોય તેની પણ તકેદારી શાળાઓએ રાખવાની રહેશે, વિદ્યાર્થીનું બેંક એકાઉન્ટ વધુમાં વધુ એક (૧) વિદ્યાર્થીઓની એન્ટ્રીમાં જ ઉપયોગ કરી શકાશે.
- જે વિદ્યાર્થીઓના પોસ્ટ ઓફીસમાં ખાતા હોય તે વિદ્યાર્થીઓના ખાતા ઇન્ડીયન પોસ્ટલ બેંકમાં તાત્કાલિક અસરથી ખોલાવી વિદ્યાર્થીની એન્ટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે, જે વિદ્યાર્થીઓની ઉંમર ૧૦વર્ષ થી વધુ હોય તેવા વિદ્યાર્થીઓના આધારનંબર સાથે Postal Payment Bank માં "0" ઝીરો બેલેન્સથી બેંક ખાતુ ખોલાવી શકાશે, જો વિદ્યાર્થીઓના ખાતા પોસ્ટલ બેંકમાં ખુલી શકે તેમ ન હોય તો તેવા વિદ્યાર્થીઓના તાત્કાલિક નવા બેંક ખાતા ખોલાવી વિદ્યાર્થીની એંટ્રી શાળાઓએ પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે.
- ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત વર્ષ:૨૦૨૨-૨૩થી શિષ્યવૃત્તિના ૬૦% રકમનું ચુકવણું કેંદ્ર સરકારશ્રી દ્વારા સીધુ વિદ્યાર્થીઓના ખાતામાં કરવામાં આવે છે અને કેંદ્ર સરકારશ્રી દ્વારા જણાવ્યા મુજબ તેઓ દ્વારા આધાર બેઝ પેમેન્ટ જ કરવામાં આવતુ હોય કેંદ્ર સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત પાત્રતા ધરાવતા તમામ વિદ્યાર્થીઓના બેંક ખાતા આધાર સાથે લીંક થઇ જાય તેની તકેદારી તમામ શાળાઓએ રાખવાની રહેશે.
- વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવાય ત્યારે શાળાના લોગીન મારફત તે જાણી શકાય છે જેથી વિદ્યાર્થીઓને જ્યારે શિષ્યવૃત્તિ ચુકવાય ત્યારે શાળાઓએ સંબંધિત વિદ્યાર્થીઓને જાણ કરવાની રહેશે.
- શિષ્યવૃતિ યોજનાઓ પૈકી વિદ્યાર્થીને જે યોજનામાં વધારે સહાય મળતી હોય તેવી યોજનાઓમાં સમાવવાના રહેશે.
- તમામ વિદ્યાર્થી ગત વર્ષની પરીક્ષામાં નિયમોનુસાર પાસ થયેલ હોવા જોઇએ અને નિયમિત વિદ્યાર્થીઓની જ દરખાસ્ત કરવાની રહેશે.
- અમાન્ય શાળાઓએ શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવી નહી અને તેમ છતાં જો દરખાસ્ત કરવામાં આવશે તો જે તે શાળા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.
- જો કોઇ વિદ્યાર્થીને કોઇ એક ધોરણમાં શિષ્યવૃત્તિ મળી ગયેલ હોય તો તે જ ધોરણ માટે આવનાર વર્ષોમાં ફરી શિષ્યવૃત્તિની દરખાસ્ત ના થાય તેની ખાસ તકેદારી આચાર્યશ્રીએ રાખવાની રહેશે.
- આચાર્યશ્રીઓ દ્વારા જ્યારે વિદ્યાર્થીઓના બેંક ખાતાની વિગતો ભરવામાં આવે ત્યારે તે બેંક ખાતા વિદ્યાર્થીઓના જ છે કે કેમ તેની ખાસ ચકાસણી કરી લેવાની રહેશે.
- ઉક્ત તમામ શરતો માર્ગદર્શન પુરતી છે. આખરી અર્થઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે.

**ડ્રાફ્ટ પરિપત્ર**

**સદરહું પત્રમાં જિલ્લા કક્ષાએ જરૂરીયાત મુજબ સુધારા કરી જિલ્લા વહીવટી તંત્રના સંકલનમાં રહી પરિપત્ર કરવો**

ડિજિટલ ગુજરાત પોર્ટલ

નં.નાંનિઅજાક/૨૫-૨૬/

સરનામું

ફોન:

તા: / /૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

........................................

........................................

........................................

વિષય:- **Digital Gujarat Portal** પર પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાય /સાયકલ સહાય યોજનાઓના અમલ બાબત (વર્ષ ૨૦૨૫-૨૬)

**(Website: https://www.digitalgujarat.gov.in)**

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર (D.B.T.)થી ચુકવી શકાય તે હેતુ થી રાજ્ય સરકારશ્રી દ્વારા **Digital Gujarat Portal** ડેવલોપ કરવામાં આવેલ છે. શાળાના આચાર્યશ્રીઓના સહકારથી ઉક્ત પોર્ટલ મારફત વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો મંગાવી શિષ્યવૃતિ/ગણવેશ સહાય / સાયકલ સહાય યોજનાની કામગીરી કરવામાં આવે છે.

**Digital Gujarat Portal**માં હાલ અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની આ સાથેના પત્રક-અ મુજબની રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની જુદી જુદી યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. અગાઉના વર્ષે જે રીતે આ યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરવામાં આવેલ હતો તે જ રીતે શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬માં અમલ કરવાનો થાય છે. ચાલુ વર્ષે **Digital Gujarat Portal**માં જે સામાન્ય સુધારા-વધારા કરવામાં આવેલ છે તેની સમજ આ સાથેની માર્ગદર્શક સૂચનાઓના આધારે મેળવવાની રહેશે. (આ માર્ગદર્શક સૂચનઓની PDF આચાર્યશ્રીઓ પોતાના લોગીનમાં "User Manual" / "News" સેક્શન માંથી પણ મેળવી શકે છે.) ૨૦૨૫-૨૬ના શૈક્ષણિક વર્ષ માટે તમામ આચાર્યશ્રીઓને સૂચના આપવામાં આવે છે કે આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓની દરખાસ્તો આ સાથેના માસવાર આયોજનના પત્રકમાં દર્શાવેલ સૂચનાઓ મુજબ ઓનલાઇન કરવાની રહેશે. આ સાથેના પત્રક મુજબની યોજના ઓફલાઇન પત્રકોના આધારે મંજૂર કરવામાં આવશે નહિ જેની તમામ શાળાઓએ નોંધ લેવી.

શાળાઓએ **Digital Gujarat Portal** માં ઓનલાઇન એન્ટ્રી/દરખાસ્તો કેવી રીતે કરવી તે અંગેની તાલીમ અગાઉ આપવામાં આવેલ છે. તેમ છતા ડિજિટલ ગુજરાત પોર્ટલમાં થયેલ સામાન્ય સુધારા-વધારાના કારણે હવે કાર્યવાહી કેવી રીતે કરવી તે અંગેની માર્ગદર્શક સૂચનાઓ આ સાથે સામેલ છે. વધુમાં તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી "Student Register" મેનુમાં જઇ "Edit Student Entry" પર ક્લીક કરી "Show" બટન ક્લીક કરી એક વાર ચેક કરવી ફરજિયાત છે અને જેટલી વિગતો * Mark સાથે છે તે ભરવી ફરજીયાત છે. "Edit Student Entry" મેનુંમાં જે વિદ્યાર્થીઓની સામે "Entry Completed or Not" કોલમમાં "Yes" લખેલ હશે તે જ વિદ્યાર્થીની પ્રપોઝલ બની શકશે જેની આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે.

તમામ શાળાઓએ અત્રેના ખાતાની આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓની યોજનાવાર ઓનલાઇન દરખાસ્તો આ સાથેના માસવાર આયોજન પત્રક મુજબ સમયસર મોકલવાની રહેશે. ઓનલાઇન દરખાસ્ત મોકલ્યા બાદ દરેક શાળાઓએ યોજનાવાર દરખાસ્તની નકલ કાઢી પોતાની શાળાના રેકર્ડમાં રાખવાની રહેશે જરૂર પડ્યે અત્રેની જિલ્લા કચેરીએ સદરહું દરખાસ્તની નકલ રજુ કરવાની રહેશે.

**શૈક્ષણિક વર્ષ:૨૦૨૨-૨૩ થી શહેરી તથા ગ્રામ્ય વિસ્તારની તમામ શાળાઓ માટે પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય / સાયકલ સહાય યોજનાઓનો અમલ જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી મારફત જ કરવામાં છે એટલે કે શહેરી તથા ગ્રામ્ય વિસ્તારની તમામ શાળાઓની પ્રપોઝલ હવે નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીએથી જ નિયમોનુસાર મંજુર કરવામાં આવે છે અને શિષ્યવૃત્તિ/સહાયનું ચુકવણું કરવામાં આવે છે.**

**અત્રેના ખાતાની ૨ યોજનાઓ જેવી કે (૧) BCK-4 Scholarship for Those Engaged in Cleaning and Prone to Health Hazards Occupation અને (૨) BCK-35 (239) PreMatric Scholarship for SC Students (GoI)માં ફરજિયાત વિદ્યાર્થીઓના શિષ્યવૃતિના ફોર્મ ભરી શાળા/સંસ્થા કક્ષાએ રાખવાના રહેશે તેમજ જરૂરી ડોક્યુમેન્ટ પોર્ટલ પર "Proposal Detail"માં જઇ વિદ્યાર્થીવાર અપલોડ પણ કરવાના રહેશે. આ બે યોજનામાં વિદ્યાર્થીઓના ડોક્યુમેન્ટ અપલોડ થયા બાદ જ વિદ્યાર્થીઓની પ્રપોઝલ ઓનલાઇન સેન્ડ થઇ શકશે જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવી. વધુમાં જો આ શિષ્યવૃતિ યોજનાના ફોર્મ તથા આનુષાંગિક ડોક્યુમેન્ટ રાખવામાં નહિ આવેલ હોય અને તે અંગે કોઇ પ્રશ્નો ઉપસ્થિત થશે તો તે અંગેની જવાબદારી જે તે શાળાની રહેશે જેની નોંધ લેશો.**

- **<u>Family ID Project બાબત</u>**

ફેમીલી આઇ.ડી. પ્રોજેક્ટ અંતર્ગત રાજ્ય પુરસ્કૃત પ્રિમેટીક શિષ્યવૃત્તિ યોજનામાં આધારનંબર, રેશનકાર્ડ નંબર તથા રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી. લેવાની સૂચનાઓ મળેલ છે જેથી તમામ વિદ્યાર્થીઓના આધારનંબર, રેશનકાર્ડ નંબર તથા રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી., નો ડેટા પણ ઓનલાઇન લેવાનો થશે. જે માટે પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ઓનલાઇન એન્ટ્રી કરતી વખતે એન્ટ્રી

સ્ક્રીનમાં પણ જરૂરી સુધારા-વધારા કરવામાં આવેલ છે જે મુજબ આચાર્યશ્રીઓએ એન્ટ્રી કરવાની રહેશે.

- <u>વિદ્યાર્થીઓના **Aadhaar Based Biometric eKYC** કરવા બાબતે અગત્યની સૂચનાઓ</u>

કેન્દ્ર સરકારશ્રી દ્વારા કેન્દ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ (BCK-4 & BCK-35(239)) અંતર્ગત વર્ષ: ૨૦૨૪-૨૫થી તમામ વિદ્યાર્થીઓનું ફરજિયાત Aadhaar Based Biometric eKYC કરવાની સૂચનાઓ આપવામાં આવેલ છે.

ઉકત બાબતે નક્કી થયા મુજબ રાજયમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા રેશનકાર્ડના ડેટાબેઝમાં તમામ લાભાર્થીઓનું Aadhaar Based Biometric eKYC કરવામાં આવી જ રહેલ છે. જેથી રાજ્યના અન્ય વિભાગોએ જ્યાં જ્યાં Aadhaar Based Biometric eKYC કરવાની જરૂર પડે ત્યારે સંબધિત વિભાગોએ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ડેટાબેઝ સાથે ઓનલાઇન Integration કરી API Service મારફત સંબંધિત વિદ્યાર્થીઓની આધારની eKYCની વિગતો મેળવી લેવાની રહે છે.

ડિજિટલ ગુજરાત પોર્ટલ પર આ બાબતનું Integration already કરવામાં આવેલ છે. જેથી તમામ આચાર્યશ્રીઓ પોતાની શાળાના વિદ્યાર્થીઓના Aadhaar Based Biometric eKYCનો ડેટા ઓનલાઇન એન્ટ્રી કરતી વખતે વિદ્યાર્થીઓનો રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી. એન્ટર કરીને મેળવી શકશે. કેન્દ્ર સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત જો વિદ્યાર્થીઓનું Aadhaar Based Biometric eKYC "Yes" હશે તો જ વિદ્યાર્થીઓ પ્રપોઝલ બનાવતી વખતે સર્ચ થઇ શકશે જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે.

વિદ્યાર્થીનું Aadhaar Based Biometric eKYC ત્યારે જ "Yes" આવશે જ્યારે વિદ્યાર્થીઓએ અન્ન નાગરિક પુરવઠા વિભાગના રેશનકાર્ડના ડેટાબેઝમાં પોતાનું Aadhaar Based Biometric eKYC કરાવેલ હશે. વિદ્યાર્થી પોતાનું Aadhaar Based Biometric eKYC "My Ration" Mobile Application (https://play.google.com/store/apps/details?id=gujarat.banaskantha.myration&pcampaignid=web_share) દ્વારા તથા મામલતદાર કચેરીની મુલાકાત લઇ કરી શકે છે તથા ગ્રામ પંચાયત કચેરીમાં VCE મારફત તથા આચાર્યશ્રી પણ અન્ન નાગરિક પુરવઠા વિભાગના રેશનકાર્ડના ડેટાબેઝમાં Aadhaar Based Biometric eKYC કરી શકશે.

જે વિદ્યાર્થીઓએ Aadhaar Based Biometric eKYC કરાવવાનું થાય તેઓ પાસે રેશનકાર્ડ હોવું ફરજિયાત છે તથા રેશનકાર્ડ માં નામ હોવુ ફરજિયાત છે.

- <u>**HoI (Head of Institute) / INO (Insitute Nodal Officer)ના Aadhaar Based Biometric eKYC કરવા બાબતે અગત્યની સૂચનાઓ:**</u>

કેન્દ્ર સરકારશ્રી દ્વારા કેન્દ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ (BCK-4 & BCK-35(239)) અંતર્ગત તમામ HoI/INOના Aadhaar Based Biometric eKYC કરવાની સૂચનાઓ આપવામાં આવેલ છે.

ઉકત બાબતે નક્કી થયા મુજબ રાજ્યમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા રેશનકાર્ડના ડેટાબેઝમાં તમામ વ્યક્તિઓનુ Aadhaar Based Biometric eKYC કરવામાં આવી જ રહેલ છે. જેથી રાજ્યના અન્ય વિભાગોએ જ્યાં-જ્યાં Aadhaar Based Biometric eKYC કરવાની જરૂર પડે ત્યારે સંબંધિત વિભાગોએ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ડેટાબેઝ સાથે ઓનલાઇન Integration કરી API Service મારફત સંબંધિત વિદ્યાર્થીઓની આધારની eKYCની વિગતો મેળવી લેવાની રહે છે.

ડિજિટલ ગુજરાત પોર્ટલ પર આ બાબતનું Development already કરવામાં આવેલ છે. **જેથી તમામ આચાર્યશ્રીઓએ પોતાના લોગીનમાં જઇને HoI/INOનું Aadhaar Based Biometric eKYC કરવા બાબતનું ફોર્મ ફરજિયાત ઓનલાઇન ભરીને જિલ્લા કચેરીઓને સબમીટ કરવાનું રહેશે.**

કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા તમામ HoI/INOના Aadhaar Based Biometric eKYC કરવાની સૂચનાઓ આપવામાં આવેલ હોય તમામ આચાર્યશ્રીઓએ પોતાના લોગીનમાં જઇને જરૂરી વિગતો ફરજિયાત ભરવાની રહેશે.

- **સરસ્વતી સાધના યોજના બાબત**

સરસ્વતી સાધના યોજના (સાયકલ સહાય) અંતર્ગત ધો:૯ની કન્યાઓને ઓનલાઇન દરખાસ્તો કરતી વખતે પણ પિતા/વાલીના આવકના દાખલાની નકલ તેમજ કન્યાઓના જાતિના દાખલાની/જાતિ પુરવાર કરતા કોઇ એક આધારભૂત પુરાવાની નકલ પણ અપલોડ કરવાની હોય પ્રપોઝલ બની ગયા બાદ "Cycle Scheme" મેનુમાં જઇ " Director Scheduled Caste Welfare" ઓપ્શનમાં જઇ " Proposal Cycle Detail" પર ક્લિક કરી જે પ્રપોઝલ સેન્ડ કરવાની હોય તે પ્રપોઝલના તમામ વિદ્યાર્થીનીઓના જાતિના દાખલા/જાતિ પુરવાર કરતા કોઇ એક આધારભૂત પુરાવાની નકલ તેમજ તેઓના વાલીના આવકના દાખલાની નકલ અપલોડ કરવાની રહેશે. જાતિ અને આવકના આધાર/પુરાવા અપલોડ કર્યા બાદ જ Cycleની પ્રપોઝલ હાયર ઓથોરીટીને સેન્ડ કરી શકાશે જેની નોંધ લેવા વિનંતી છે.

સરસ્વતી સાધના યોજનામાં આચાર્યશ્રી દ્વારા જે સાયકલની પ્રપોઝલ ઓનલાઇન સેન્ડ કરવામાં આવે, તે મંજૂર થાય ત્યારબાદ આચાર્યશ્રીઓએ સંબધિત ધો:૯ની કન્યાઓને સાયકલ વિતરણ કરવાની રહેશે. કન્યાઓને કઇ સાયકલ આપવામાં આવેલ છે તેની વિગતો પણ પોર્ટલ પર અપડેટ કરવાની હોય, સાયકલનો ચેસીસ નંબર, વિદ્યાર્થીનીને સાયકલ ક્યારે પુરી પાડી વિગેરે વિગતો પોર્ટલ પર આપની કક્ષાએથી અપડેટ કરવાની રહેશે. જેથી આપની શાળાની પ્રપોઝલ જ્યારે હાયર ઓથોરીટીએથી મંજૂર થઇ જાય અને સાયકલોનુ વિતરણ થઇ જાય ત્યારબાદ તેની વિગતો "Cycle Scheme" મેનુમાં જઇ "Director Scheduled Caste Welfare"માં જઇ "Update Cycle Detail" ઓપ્શનમાં જઇને અપડેટ કરવાની રહેશે. જેથી જિલ્લામાં કેટલી સાયકલો વિતરણ કરવામાં આવેલ છે તેની ચોક્કસ વિગતો મેળવી શકાય.

- બાલવાટીકા ગણવેશ સહાય(નવી યોજના)

વર્ષ ૨૦૨૫-૨૬ થી બાલવાટીકા (ધો.-૧ પહેલાનુ વર્ષ)માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવાની નવી યોજના સરકારશ્રીના તા.૦૩/૦૪/૨૦૨૫ના ઠરાવથી અમલમાં મુકવામાં આવેલ છે. જેથી ચાલુ વર્ષમાં રાજ્યની શાળાઓમાં બાલવાટીકા (ધો.-૧ પહેલાનુ વર્ષ)માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ગણવેશ સહાયની પ્રપોઝલ સંબધિત શાળાઓએ ઓનલાઇન મોકલી આપવાની રહેશે.

- **શાળાએ ઓનલાઇન દરખાસ્ત કરવા માટે ધ્યાનમાં રાખવાના મુદ્દા:**

૧. વર્ષ: ૨૦૨૫-૨૬ની ઓનલાઇન દરખાસ્ત **https://www.digitalgujarat.gov.in** મારફત કરવાની રહેશે.

૨. તમામ શાળાઓને ગત વર્ષમાં શિષ્યવૃતિની કામગીરી માટે ઉક્ત પોર્ટલના ID/Password આપવામાં આવેલ જ છે જેની મદદથી શિષ્યવૃતિની ઓનલાઇન કામગીરી કરવાની રહેશે. જો કોઇ શાળા પોતાનો પાસવર્ડ યાદ ન હોય તો તેવી શાળાઓએ "Forget Password" Option ના આધારે નવો પાસવર્ડ મેળવી લેવાનો રહેશે. (જો કોઇ શાળા પ્રથમ વખત જ લોગીન કરતા હોય તો તેના માટે શાળાનો DISE Code તેઓનો યુઝર આઇ.ડી રહેશે અને By Default પાસવર્ડ Abcd@123 રહેશે જે પ્રથમ વખતના લોગીન માટે રહેશે ત્યારબાદ શાળાએ લોગીન થયેથી પાસવર્ડ બદલવાનો રહેશે.)

3. જે શાળાઓએ આજ દિન સુધી પોર્ટલમાં લોગીન કરેલ ન હોય તે પ્રત્યેક શાળા/સંસ્થાએ દિન-૨ માં ડીજિટલ ગુજરાત પોર્ટલમાં પોતાના યુઝર આઇ.ડી./પાસવર્ડથી પ્રથમ વખત લોગીન કરી લેવાનુ રહેશે.

૪. શાળાઓએ પોતાની શાળાના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની નવી એન્ટ્રી/જુની એન્ટ્રીની ખરાઇ આ સાથેના માસવાર આયોજન પત્રક મુજબ પૂર્ણ કરવાની રહેશે. (સિસ્ટમ દ્વારા ગત વર્ષના તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી એક ધોરણ UP કરી વર્ષ ૨૦૨૫-૨૬ માટે ઓટોમેટીક મૂકવામાં આવેલ છે. જેથી શાળા/સંસ્થાઓએ ગત વર્ષના વિદ્યાર્થીઓની એન્ટ્રી ફરી કરવાની રહેતી નથી માત્ર ને માત્ર વિદ્યાર્થીઓની એન્ટ્રીની ફરજિયાત ખરાઇ કરવાની રહે છે એટલે કે જો કોઇ વિદ્યાર્થીની માહિતી ગત વર્ષે ક્ષતિ વાળી એન્ટર થઇ ગયેલ હોય તો તેને સુધારી લેવાની રહેશે. **જો કોઇ વિદ્યાર્થી શાળા છોડી અન્ય શાળામાં ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીની એન્ટ્રી ફરજિયાત Delete કરવાની રહેશે.** (તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી ૧ વાર "Student Register" મેનુમાં જઇ "Edit Student Entry" પર ક્લીક કરી "Show" બટન ક્લીક કરી અપડેટ કરવી ફરજિયાત છે. જે વિદ્યાર્થીઓની સામે "Entry Completed or Not" કોલમમાં "Yes" લખેલ હશે તે જ વિદ્યાર્થીની પ્રપોઝલ બની શકશે જેની આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે.)

૫. વિદ્યાર્થીઓની એન્ટ્રી એક વખત કરવાની હોય વિદ્યાર્થીઓની તમામ મરજીયાત અને ફરજીયાત વિગતો અવશ્ય નાખવામાં આવે તે વધુ હિતાવહ છે કારણકે આવતા વર્ષે ફરીથી

આ વિદ્યાર્થીના ધોરણ સિવાયની માહિતી બદલવાની રહેતી નથી સિવાય કે વિદ્યાર્થીએ અભ્યાસ છોડી દીધેલ હોય.

૬. તમામ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ નંબર, બેંકનુ નામ, બેંક બ્રાન્ચનુ નામ, IFSC Codeની વિગતો આપવી ફરજીયાત છે કારણકે તેના જ આધારે વિદ્યાર્થીઓના ખાતામાં સીધી શિષ્યવૃતિ / ગણવેશ સહાયની રકમ જમા કરવાની હોય છે. વિદ્યાર્થીઓની બેંક ખાતાની વિગતો ખોટી આપવામાં આવશે અને શિષ્યવૃતિ અન્યના ખાતામાં જમા થશે તે અંગેની જવાબદારી શાળા/સંસ્થાની રહેશે જેની નોંધ લેશો.

૭. જે વિદ્યાર્થીઓ પાસે આધારકાર્ડ હોય તેવા તમામ વિદ્યાર્થીઓના આધારકાર્ડની વિગતો આપવાની રહેશે. તમામ એન્ટ્રી કરી લીધા બાદ શાળાએ તમામ વિદ્યાર્થીઓની તમામ વિગત ઓનલાઇન ચેક કરી લેવી જો કોઇ વિગતમાં સુધારો કરવાની જરૂર જણાય તો દરખાસ્ત બનાવ્યા પહેલા જ એવા વિદ્યાર્થીની વિગતો Edit કરી લેવી. ત્યારબાદ જે જાતિના વિદ્યાર્થીઓને જે યોજના લાગુ પડે તે મુજબ શિષ્યવૃતિની ઓનલાઇન દરખાસ્તો (Proposals) કરવી અને સંબંધિત જિલ્લા કચેરીને ઓનલાઇન સબમીટ કરવી.

૮. જે વિદ્યાર્થીઓના પોસ્ટ ઓફીસમાં ખાતા હોય તે વિદ્યાર્થીઓના ખાતા પોસ્ટલ બેંકમાં તાત્કાલિક અસરથી ખોલાવી વિદ્યાર્થીની એન્ટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે અન્યથા તાત્કાલિક નવા બેંક ખાતા ખોલાવી વિદ્યાર્થીની એંટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે.

૯. જે વિદ્યાર્થીઓની ઉંમર ૧૦ વર્ષ થી ઉપર હોય તેવા વિદ્યાર્થીઓના આધાર નંબરની મદદથી **Postal Payment Bank** માં "0" ઝીરો બેલેન્સથી ખાતુ ખોલાવી શકાય છે જે ધ્યાને લેવા વિનંતી છે.

૧૦. જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Epayment થયેલ હતા અને વિદ્યાર્થેઓના ખાતામાં શિષ્યવૃતિ જમા થઇ શકેલ ન હતી તેવા વિદ્યાર્થીઓના ખાતા ફ્રીઝ/ડોરમેન્ટ/બંધ થઇ ગયેલ નથી તેની પણ ખાતરી કરવા વિદ્યાર્થીઓ સાથે સંકલન કરી કાર્યવાહી કરી ખાતા એક્ટીવ રહે તે માટે કામગીરી ઝડપી કરવાની રહેશે.

૧૧. ચાલુ વર્ષે જો કોઇ વિદ્યાર્થીઓને IFMS સિસ્ટમ મારફત Epayment કરતી વખતે Epayment Transaction Fail થાય એટલે કે વિદ્યાર્થીઓના ખાતામાં શિષ્યવૃતિ જમા ન થાય તો તેવા વિદ્યાર્થીઓની યાદી શાળાના લોગીનમાં Utility ➔ Update Payment Failed Student Account મેનુ પર ક્લિક કરવાથી જોઇ શકાશે.

જો વિદ્યાર્થીનું ખાતુ ડોરમેન્ટ હોઇ / ફ્રીઝ હોય કે ઇન એક્ટીવ હોય તો તેવા વિદ્યાર્થીઓને "Consent for Reactivated Dormat/ Freeze / Inactive Account " બટનપર ક્લિક કરી જોઇ શકાશે અને આવા વિદ્યાર્થીઓને સંબંધિત બેંકનો સંપર્ક કરાવી ખાતુ એક્ટિવ કરાવી ફરી જિલ્લામાં ઓનલાઇન મોકલી આપવાનું રહેશે.

જો વિદ્યાર્થીનો ખાતા નંબર ખોટો નખાઇ ગયેલ હોય તો "Update Bank Account(If Account / IFSC Code Wrong)" બટન પર ક્લિક કરી જે તે વિદ્યાર્થીની બેંકની વિગતો

સુધારી ફરી જિલ્લામાં ઓનલાઇન મોકલવાનું રહેશે. તમામ આચાર્યશ્રીઓને ખાસ વિનંતી કે આ મેનુંમાં વિદ્યાર્થી દેખાતા થયેથી તુર્તજ વિદ્યાર્થીની વિગતો અપડેટ કરી/સુધારી દિન-૨માં વિગતો જિલ્લા કચેરીને ઓનલાઇન મોકલી આપવાની રહેશે.

૧૨. નવા વિદ્યાર્થીઓના જો બેંક એકાઉન્ટ ના હોય તો તુર્ત જ બેંક ખાતા ખોલાવી લેવા. એક બેંક એકાઉન્ટ વધુમાં વધુ એક વિદ્યાર્થીઓની એંટ્રીમાં એન્ટર કરી શકાશે.

૧૩. ધો:૧ થી ધો:૮ ના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની ગણવેશ સહાયની પ્રપોઝલ શિષ્યવૃતિની પ્રપોઝલ સાથે જ તૈયાર થઇ જતી હોય ગણવેશ સહાયની પ્રપોઝલ ફરી બનાવવાની રહેતી નથી જેની નોંધ તમામ આચાર્યશ્રીઓએ લેવા વિનંતી છે.

૧૪. વર્ષ: ૨૦૨૫-૨૬થી બાલવાટીકામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ પણ ગણવેશ સહાય આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે જેથી શાળામાં બાલવાટીકામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ગણવેશ સહાયની પ્રપોઝલ ઓનલાઇન મોકલવાની રહેશે.

૧૫. જો અમુક શાળાઓમાં ધો: ૧ થી ૪, ધો:૫ થી ૮, ધો:૯ થી ૧૦, ધો:૧૧-૧૨ની શાળા અલગ-અલગ ચાલતી હોય અને તમામના ડાયસકોડ પણ અલગ-અલગ હોય તો તેઓએ જિલ્લાની સર્વ શિક્ષા અભિયાનની કચેરીનો તાત્કાલિક સંપર્ક કરી તેઓની "School Category" સર્વ શિક્ષા અભિયાનના પોર્ટલપર અપડેશન કરાવી લેવાનુ રહેશે. સર્વ શિક્ષા અભિયાનના પોર્ટલ પર "School Category" અપડેશન થયા બાદ જ ડિજિટલ ગુજરાત પોર્ટલમાં સુધારા-વધારા થઇ શકતા હોય ઉક્ત કામગીરી સંબંધિત આચાર્યશ્રીએ તાત્કાલિક કરવાની રહેશે.

૧૬. જો કોઇ શાળા વિદ્યાર્થીની એંટ્રી કરતા હોય અને "No Data Found From SSA Server" એરર આવે તો આવા સમયે પ્રથમ આવા વિદ્યાર્થીની એંટ્રી સર્વ શિક્ષા અભિયાનના પોર્ટલ પર અપડેટ કરાવવાની રહેશે ત્યારબાદ જ આવા વિદ્યાર્થીઓની એંટ્રી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર થઇ શકશે જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવા વિનંતી છે.

૧૭. જો કોઇ વિદ્યાર્થીને કોઇ એક ધોરણમાં શિષ્યવૃત્તિ મળી ગયેલ હોય તો તે જ ધોરણ માટે ફરી શિષ્યવૃત્તિની દરખાસ્ત ના થાય તેની ખાસ તકેદારી આચાર્યશ્રીએ રાખવાની રહેશે.

૧૮. મુળ ગુજરાતના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ હોય તેની જ ઓનલાઇન દરખાસ્ત થાય તે બાબતની તકેદારી પણ આચાર્યશ્રીઓએ રાખવાની રહેશે.

૧૯. ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત વર્ષ:૨૦૨૨-૨૩થી શિષ્યવૃત્તિના ૬૦% રકમનું ચુકવણું કેંદ્ર સરકારશ્રી દ્વારા સીધુ વિદ્યાર્થીઓના ખાતામાં કરવામાં આવે છે અને કેંદ્ર સરકારશ્રી દ્વારા જણાવ્યા મુજબ તેઓ દ્વારા આધાર બેઝ પેમેન્ટ જ કરવામાં આવતુ હોય કેંદ્ર સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત પાત્રતા ધરાવતા તમામ વિદ્યાર્થીઓના બેંક ખાતા આધાર સાથે લીંક થઇ જાય તેની તકેદારી તમામ શાળાઓએ રાખવાની રહેશે.,

૨૦. આચાર્યશ્રીઓ દ્વારા જ્યારે વિદ્યાર્થીઓના બેંક ખાતાની વિગતો ભરવામાં આવે ત્યારે તે બેંક ખાતા વિદ્યાર્થીઓના જ છે કે કેમ તેની ખાસ ચકાસણી કરી લેવાની રહેશે.

૨૧. આચાર્યશ્રીઓને તેઓના લોગીનના ડેશબોર્ડમાં જ્યારે માલુમ પડે કે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનું ચુકવણું થઇ ગયેલ છે ત્યારે વિદ્યાર્થીઓને તાત્કાલિક જાણ કરવાની રહેશે.

૨૨. ડિજિટલ ગુજરાત પોર્ટલના પ્રશ્નો અન્વયે જરૂર જણાયે ડિજિટલ ગુજરાત પોર્ટલના હેલ્પ ડેસ્ક નં 18002335500 પર સંપર્ક કરવાનો રહેશે.

નાયબ નિયામક
અનુસુચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય ગાંધીનગર

બિડાણ:

૧. અત્રેના ખાતાની ડિજિટલ ગુજરાત પોર્ટલમાં સમાવેશ કરેલ યોજનાઓની વિગત અને શરતો બાબતનુ પત્રક (પત્રક-અ અને પત્રક-બ)

૨. વર્ષ ૨૦૨૫-૨૬નું શાળાઓએ કરવાની થતી **કામગીરીનું "માસવાર આયોજન" અંગેનુ પત્રક**

3. સ્વચ્છતાના વ્યવસાયમાં રોકાયેલ વાલીના બાળકોને શિષ્યવૃતિ અંગેનુ ફોર્મ.

૪. બીસીકે-૩૫ (૩ ૨૯) ભારત સરકારશ્રીની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાનુ શિષ્યવૃત્તિ ફોર્મ

નકલ સવિનય રવાના:

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફ જાણ સારૂ

## વર્ષ: ૨૦૨૫-૨૬માં Digital Gujarat Portal મારફત Online કરવાની થતી પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય/સાયકલ સહાય યોજનાઓની વિગત (પત્રક-અ)

### સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત રાજ્ય

### નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર

| ક્રમ | યોજનાનુ નામ | જાતિ | ધોરણ | કુમાર કન્યા | શિષ્યવૃતિ દર / સહાય (વાર્ષિક) | વાર્ષિક આવક મર્યાદા | શાળાઓની વિગતો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **BCK-2/71 PreMatric Scholarship For SC (Std: 1 to 8) & (Std: 9 to 10) (GoG)** | SC (અનુસૂચિત જાતિ) | ધો.૧ થી ૫ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાંનગી તથા અનુદાનિત શાળાઓ/ આશ્રમશાળાઓ |
| | | | ધો. ૬ થી ૮ | કુમાર | રૂ.૭૫૦/- | | |
| | | | ધો. ૬ થી ૮ | કન્યા | રૂ.૧૦૦૦/- | | |
| | | | ધો. ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૧૦૦૦/- | | |
| ૨ | **BCK-17 Scholarship for Most Backword Class Among SC Students (Std: 1 to 8) & BCK-17A : (Std: 9 to 10) (GoG)** | SC (માત્ર અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિ) | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ. ૧૦૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| | | | ધો ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૧૫૦૦/- | | |
| 3 | **BCK-16 Uniform Assistance to SC Students (Std: 1 to 8) (GoG)** | SC (તમામ અનુસૂચિત જાતિ) | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ.૯૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| 3એ | **BCK-16A Uniform** Assistance to SC Students **(In Balvatika) (GoG)** | SC (અનુસૂચિત જાતિ) | બાલવાટીકા | કુમાર/ કન્યા | રૂ.૯૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| ૪ | **BCK-4 Scholarship for Those Engaged in Cleaning and Prone to Health Hazards Occupation (Std: 1 to 8) & (Std: 9 to 10) (GoI)** | સ્વચ્છતાના વ્યવસાયમાં રોકાયેલ વાલીના બાળકો | ધો ૧ થી ૧૦ | કુમાર/કન્યા | (ધો:3 થી ૧૦) હોસ્ટેલરને રૂ.૮૦૦૦/- (ધો: ૧ થી ૧૦) ડેસ્કોલરને રૂ.૩૫૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળા |
| ૫ | BCK-35 (239) PreMatric **Scholarship for SC Students (Std: 9-10) (GoI)** | SC (તમામ અનુસૂચિત જાતિ) | ધો-૯ થી ૧૦ | કુમાર/કન્યા | હોસ્ટેલરને રૂ.૭૦૦૦/- ડેસ્કોલરને રૂ.૩૫૦૦/- | રૂ.૨,૫૦,૦૦૦/- | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| ૬ | **BCK-6 Free Cycle Scheme for Scheduled Caste Girls Students studying in Std:9 (Saraswati Sadhana Yojana)** | SC (તમામ અનુસૂચિત જાતિ) | ધો: ૯ | માત્ર કન્યા | મફત સાયકલ સહાય | રૂ.૬,૦૦,૦૦૦/- | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત માધ્યમિક શાળાઓ |

**નોંધ:** ક્રમનં: ૪ તથા ૫ મુજબની યોજના અંતર્ગત કુલ શિષ્યવૃત્તિની ૪૦% રકમ રાજ્ય સરકારશ્રી દ્વારા ચુકવવામાં આવશે જ્યારે બાકીની ૬૦% રકમ કેંદ્ર સરકારશ્રી દ્વારા ડાયરેક્ટ વિદ્યાર્થીઓના બેંક ખાતામાં ચુકવવામાં આવશે. વધુમાં આ રકમ આધારબેઝ એટલેકે આધારનંબર સાથે જે બેંક ખાતુ લીંક હશે તેમા જ ચુકવવામાં આવશે જેથી તમામએ નોંધ લેવાની રહેશે.

| Digital Gujarat Portal મારફત Online કરવાની થતી યોજનાઓની સામાન્ય શરતો (પત્રક-બ) | | |
|---|---|---|
| સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર) | | |
| **ક્રમ** | **યોજનાનુ નામ** | **સામાન્ય શરતો** |
| ૧ | **BCK-2/71 PreMatric Scholarship For SC (Std: 1 to 8) & (Std: 9 to 10)** | - સદરહું યોજનામાં ધો-૧ થી ૧૦ના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને લાભ આપવાનો રહેશે.<br>- સદરહુ યોજનામાં આવક મર્યાદા નથી.<br>- સદર યોજનામાં ધો-૯ અને ૧૦ ના જે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના વાલીની આવક રૂ.૨.૫૦ લાખથી વધારે હોય તેનો જ સમાવેશ કરવાનો છે. રૂ.૨.૫૦ લાખથી ઓછી આવક વાળા વિદ્યાર્થીઓને બીસીકે-૩૫ (૨૩૯) યોજનામાં સમાવવાના રહેશે.<br>- વર્ષ: ૨૦૨૦-૨૧ થી ખાનગી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે. |
| ૨ | **BCK-17 Scholarship for Most Backword Class Among SC Students (Std: 1 to 8) & BCK-17A : (Std: 9 to 10)** | - સદરહું યોજનામાં ધો-૧ થી ૧૦ના અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓને લાભ આપવાનો રહેશે<br>- સદરહુ યોજનામાં આવક મર્યાદા નથી.<br>- સદર યોજનામાં ધો-૯ થી ૧૦ના અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના જે વિદ્યાર્થીઓના વાલીની આવક રૂ.૨.૫૦ લાખથી વધારે હોય તેનો જ સમાવેશ કરવાનો છે. રૂ.૨.૫૦ લાખથી ઓછી આવક વાળા વિદ્યાર્થીઓને બીસીકે-૩૫ (૨૩૯) યોજનામાં સમાવવાના રહેશે. |
| 3 | **BCK-16 Uniform Assistance to SC Students (Std: 1 to 8)** | - સદરહું યોજનામાં ધો-૧ થી ૮ના અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓને લાભ આપવાનો રહેશે.<br>- સદરહુ યોજનામાં આવક મર્યાદા નથી.<br>- વર્ષ: ૨૦૨૦-૨૧ થી ખાનગી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.<br>- બીસીકે ૨/૭૧, બીસીકે-૧૭, બીસીકે-૪ ના ધો-૧ થી ૮ના વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપવાનો રહેશે. |
| ૪ | **BCK-4 Scholarship for Those Engaged in Cleaning and Prone to Health Hazards Occupation (Std: 1 to 8) & (Std: 9 to 10)** | - સદરહું યોજનામાં ધો-૧ થી ૧૦ના વિદ્યાર્થીઓ કે જેઓના વાલી સ્વચ્છતાના વ્યવસાયમાં જોડાયેલા હોય તેઓને લાભ આપવાનો રહેશે. (સ્વચ્છતાના વ્યવસાય એટલે કે ભારત સરકારશ્રીએ નક્કી કરેલ ગાઇડલાઇન મુજબના વ્યવસાય)<br>- પોર્ટલ પર વિદ્યાર્થીઓની એન્ટ્રી કરતી વખતે વાલીનુ Occupation "Unclean Occupation" પંસદ કરેલ હશે તો જ વિદ્યાર્થીને આ યોજનામાં લાભ મળી શકશે.<br>- સદરહુ યોજનામાં આવક મર્યાદા નથી.<br>- સદરહું યોજના અંતર્ગત વિદ્યાર્થીઓનુ નિયત ફોર્મ ભરી સાધનિક પુરાવા મેળવી શાળા કક્ષાએ અચુક રાખવાના રહેશે. (સાધનિક પુરાવામાં વિદ્યાર્થીના વાલીના વ્યવસાય અંગેનુ પ્રમાણપત્ર, જો કોઇ વિદ્યાર્થી દિવ્યાંગ હોય તો તે અંગેનુ પ્રમાણપત્ર, જો વિદ્યાર્થી |

| | | |
|---|---|---|
| | | હોસ્ટેલર હોય તો તે અંગેનુ પ્રમાણપત્ર ફરજિયાત ફોર્મ સાથે રાખવાનુ રહેશે.) (નિયત ફોર્મ સામેલ છે.)<br>- આ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓના આનુષાંગિક પુરાવા ઓનલાઇન અપલોડ કરેલ હશે તો જ વિદ્યાર્થીઓની પ્રપોઝલ ઓનલાઇન સેન્ડ થઇ શકશે.<br>- આ યોજનામાં કેંદ્ર સરકારશ્રીની સૂચના મુજબ આધારબેઝ પેમેન્ટ કરવામાં આવે છે. |
| ૫ | **BCK-35 (239) PreMatric Scholarship for SC Students (GoI) (Std: 9-10)** | - સદરહું યોજનામાં ધો-૯ થી ૧૦ના અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓ કે જેઓના વાલીની આવક રૂ. ૨.૫૦ લાખ થી ઓછી હોય તેઓને લાભ આપવાનો રહેશે.<br>- સદરહુ યોજનામાં વાલીની આવક મર્યાદા રૂ. ૨.૫૦ લાખ છે.<br>- સદરહું યોજના અંતર્ગત વિદ્યાર્થીઓનુ નિયત ફોર્મ ભરી સાધનિક પુરાવા મેળવી શાળા કક્ષાએ અચુક રાખવાના રહેશે. (સાધનિક પુરાવામાં વિદ્યાર્થીના જાતિના દાખલાની પ્રમાણિત નકલ, જો કોઇ વિદ્યાર્થી દિવ્યાંગ હોય તો તે અંગેનુ પ્રમાણપત્ર, જો વિદ્યાર્થી હોસ્ટેલર હોય તો તે અંગેનુ પ્રમાણપત્ર ફરજિયાત ફોર્મ સાથે રાખવાનુ રહેશે.) (નિયત ફોર્મ સામેલ છે.)<br>- આ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓના આનુષાંગિક પુરાવા ઓનલાઇન અપલોડ કરેલ હશે તો જ વિદ્યાર્થીઓની પ્રપોઝલ ઓનલાઇન સેન્ડ થઇ શકશે.<br>- આ યોજનામાં કેંદ્ર સરકારશ્રીની સૂચના મુજબ આધારબેઝ પેમેન્ટ કરવામાં આવે છે. |
| ૬ | **BCK-6 Free Cycle Scheme for Scheduled Caste Girls Students studying in Std:9 (Saraswati Sadhana Yojana)** | - ધો:૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિની કન્યાઓને આ લાભ આપવાનો રહેશે.<br>- સદરહું યોજનામાં વાલીની આવક મર્યાદા રૂ. ૬.૦૦ લાખ છે.<br>- ઓનલાઇન દરખાસ્તો કરતી વખતે પિતા/વાલીના આવકના દાખલાની નકલ તેમજ વિદ્યાર્થીનીના જાતિના દાખલાની / જાતિ પુરવાર કરતા કોઇ એક આધારભૂત પુરાવાની નકલ પણ અપલોડ કરવાની રહેશે. |

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર

**પ્રાથમિક/માધ્યમિક શાળાઓ તેમજ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓ પાસેથી વર્ષ:૨૦૨૫-૨૬ની શિષ્યવૃતિ/ગણવેશ સહાય / સાયકલ સહાય યોજનાઓની Online દરખાસ્ત મેળવવા બાબતનુ તેમજ જિલ્લા કચેરીએ કરવાની થતી કામગીરીનું "માસવાર આયોજન" પત્રક**

| અ | માસ | NIC દ્વારા થનાર કામગીરી | શાળાઓની કામગીરી | જિલ્લા કચેરીએ કરવાની કામગીરી |
|---|---|---|---|---|
| ૧ | મે-જુન-૨૦૨૫ | - પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓના ગત વર્ષના વિદ્યાર્થીઓનુ ૧ ધોરણ અપગ્રેડ કરી તા:૩૦/૦૫/૨૦૨૫ સુધીમાં વર્ષ:૨૦૨૫-૨૬ માટે પ્રપોઝલ બનાવવા મુકવા. | - વર્ષ:૨૦૨૫-૨૬ના વિદ્યાર્થીઓની માહિતી શાળાના લોગીનમાં NIC દ્વારા મુકવામાં આવશે જે એન્ટ્રી તા:૦૧/૦૬/૨૦૨૫ થી ૧૫/૦૬/૨૦૨૫ સુધીમાં ચેક કરી જો સુધારા વધારા કરવાની જરૂર જણાય તો તે કરી લેવા. (વર્ષ:૨૦૨૫-૨૬ માટે તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી ૧ વાર ચકાસવી ફરજિયાત છે) (જો વિદ્યાર્થીએ શાળા છોડી દીધેલ હોય તો તેની એંટ્રી ડિલીટ કરવી)<br>- તા:૩૦/૦૬/૨૦૨૫ સુધીમાં જેટલા વિદ્યાર્થીઓ પ્રપોઝલ બનવા માટે રેડી હોય તેઓની પ્રપોઝલ બનાવીને મોકલી આપવી. | - તમામ શાળાઓને વર્ષ ૨૦૨૫-૨૬નો પરિપત્ર તા:૩૦/૦૫/૨૦૨૫ સુધીમાં મોકલી આપવો.<br>- જેમ જેમ દરખાસ્તો મળતી જાય તેમ અરજીઓ મંજુર કરવી. |
| ૨ | જુલાઇ-ઓગસ્ટ-સપ્ટેમ્બર-ઓક્ટોબર-નવેમ્બર-૨૦૨૫ | - જે વિદ્યાર્થીઓની એન્ટ્રી નવી થાય તેઓનું બેંક વેરીફીકેશન / **PFMS Status** ચેક કરાવી પ્રપોઝલ બનવા માટે રેડી કરવા.<br>- પ્રપોઝલ તથા બિલોના ટેકનિકલ પ્રશ્નોનું નિરાકરણ કરવુ. | - બાકી રહેલ તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી પૂર્ણ કરવી તેમજ પ્રપોઝલો ક્રિએટ કરી તા:૩૧/૧૦/૨૦૨૫ સુધીમાં **Higher Authority** ને સેન્ડ કરવી. | - વર્ષ ૨૦૨૫-૨૬ની દરખાસ્તો શાળાઓ પાસેથી ઝડપથી મેળવી મંજૂરીની કામગીરી તથા **IFMS/PFMS**માં બિલો બનાવી ચૂકવણાની કામગીરી કરવી અને તા:૧૫/૦૭/૨૦૨૫ સુધીમાં ૮૦% વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવાય જાય તે મુજબ આયોજન કરવુ.<br>- વર્ષ ૨૦૨૫-૨૬ની ૧૦૦% પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાયની પ્રપોઝલ નિયમોનુસાર મંજૂર કરી બિલો બનાવી તમામ વિદ્યાર્થીઓને તા:૩૦/૧૧/૨૦૨૫ સુધીમાં ચૂકવણું થઇ જાય તે મુજબનું આયોજન કરવુ. |

નોંધ:-

- જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Payment Transaction Fail થયેલ હતા તેવા શાળાના તમામ વિદ્યાર્થીઓને જે તે બેંકનો સંપર્ક કરાવી વિદ્યાર્થી/પિતા-વાલીનુ ખાતુ એક્ટીવ રહે તે મુજબની કાર્યવાહી શાળાઓએ કરવાની રહેશે. જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Epayment થયેલ હતા તેવા વિદ્યાર્થીઓના ખાતા પણ ફ્રીઝ/ડોરમેન્ટ/બંધ થઇ ગયેલ નથી તેની પણ ખાતરી કરવા વિદ્યાર્થીઓ સાથે સંકલન કરી કામગીરી કરવાની રહેશે, વિદ્યાર્થીઓના બેંક ખાતા રાજ્યમાં આવેલી બેંક-બ્રાંચમાં હોય તેની પણ તકેદારી શાળાઓએ રાખવાની રહેશે, વિદ્યાર્થીનું બેંક એકાઉન્ટ વધુમાં વધુ એક (૧) વિદ્યાર્થીઓની એન્ટ્રીમાં જ ઉપયોગ કરી શકાશે.
- જે વિદ્યાર્થીઓના પોસ્ટ ઓફીસમાં ખાતા હોય તે વિદ્યાર્થીઓના ખાતા ઇન્ડીયન પોસ્ટલ બેંકમાં તાત્કાલિક અસરથી ખોલાવી વિદ્યાર્થીની એન્ટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે, જે વિદ્યાર્થીઓની ઉંમર ૧૦વર્ષ થી વધુ હોય તેવા વિદ્યાર્થીઓના આધારનંબર સાથે Postal Payment Bank માં "0" ઝીરો બેલેન્સથી બેંક ખાતુ ખોલાવી શકાશે, જો વિદ્યાર્થીઓના ખાતા પોસ્ટલ બેંકમાં ખુલી શકે તેમ ન હોય તો તેવા વિદ્યાર્થીઓના તાત્કાલિક નવા બેંક ખાતા ખોલાવી વિદ્યાર્થીની એંટ્રી શાળાઓએ પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે.
- ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત વર્ષ:૨૦૨૨-૨૩થી શિષ્યવૃત્તિના ૬૦% રકમનું ચુકવણું કેંદ્ર સરકારશ્રી દ્વારા સીધુ વિદ્યાર્થીઓના ખાતામાં કરવામાં આવે છે અને કેંદ્ર સરકારશ્રી દ્વારા જણાવ્યા મુજબ તેઓ દ્વારા આધાર બેઝ પેમેન્ટ જ કરવામાં આવતુ હોય કેંદ્ર સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત પાત્રતા ધરાવતા તમામ વિદ્યાર્થીઓના બેંક ખાતા આધાર સાથે લીંક થઇ જાય તેની તકેદારી તમામ શાળાઓએ રાખવાની રહેશે.
- વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવાય ત્યારે શાળાના લોગીન મારફત તે જાણી શકાય છે જેથી વિદ્યાર્થીઓને જ્યારે શિષ્યવૃત્તિ ચુકવાય ત્યારે શાળાઓએ સંબંધિત વિદ્યાર્થીઓને જાણ કરવાની રહેશે.
- શિષ્યવૃતિ યોજનાઓ પૈકી વિદ્યાર્થીને જે યોજનામાં વધારે સહાય મળતી હોય તેવી યોજનાઓમાં સમાવવાના રહેશે.
- તમામ વિદ્યાર્થી ગત વર્ષની પરીક્ષામાં નિયમોનુસાર પાસ થયેલ હોવા જોઇએ અને નિયમિત વિદ્યાર્થીઓની જ દરખાસ્ત કરવાની રહેશે.
- અમાન્ય શાળાઓએ શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવી નહી અને તેમ છતાં જો દરખાસ્ત કરવામાં આવશે તો જે તે શાળા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.
- જો કોઇ વિદ્યાર્થીને કોઇ એક ધોરણમાં શિષ્યવૃત્તિ મળી ગયેલ હોય તો તે જ ધોરણ માટે આવનાર વર્ષોમાં ફરી શિષ્યવૃત્તિની દરખાસ્ત ના થાય તેની ખાસ તકેદારી આચાર્યશ્રીએ રાખવાની રહેશે.
- આચાર્યશ્રીઓ દ્વારા જ્યારે વિદ્યાર્થીઓના બેંક ખાતાની વિગતો ભરવામાં આવે ત્યારે તે બેંક ખાતા વિદ્યાર્થીઓના જ છે કે કેમ તેની ખાસ ચકાસણી કરી લેવાની રહેશે.
- ઉક્ત તમામ શરતો માર્ગદર્શન પુરતી છે. આખરી અર્થઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે.

# ડિજિટલ ગુજરાત પોર્ટલ પર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજનાઓ માટે શાળાઓએ વર્ષ:૨૦૨૫-૨૬માં ઓનલાઇન એન્ટ્રી/દરખાસ્તો (Proposal) કરવા અંગેની અગત્યની માર્ગદર્શક સુચનાઓ

## (વર્ષ: ૨૦૨૫-૨૬)

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ

ગુજરાત રાજ્ય


ગાંધીનગર

# પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય/સાયકલ સહાય યોજનાઓ અંતર્ગત શાળાએ Digital Gujarat Portal પર કરવાની થતી કામગીરીની પધ્ધતિ


➔ https://www.digitalgujarat.gov.in વેબસાઇટ ઓપન કરવાથી નીચે મુજબની સ્ક્રીન જોવા મળશે જ્યા Login બટન પર ક્લિક કરવુ.





➔ લોગીન પર ક્લિક કર્યા બાદ નીચે મુજબની સ્ક્રીન જોવા મળશે જેમા "School/Institution Login" પર કલીક કરવુ.




➔ "School Login / Institution Login" પર ક્લિક કર્યા બાદ નીચે મુજબની સ્ક્રીનમાં જણાવ્યા મુજબ School Login પર ક્લિક રાખી તમામ શાળાઓને આપવામાં આવેલ "User Name", "Password"ની મદદથી લોગીન કરવાનુ રહેશે. તમામ શાળાઓને ગત વર્ષમાં શિષ્યવૃતિની કામગીરી માટે ઉક્ત પોર્ટલના ID/Password આપવામાં આવેલ જ છે જેની મદદથી શિષ્યવૃતિની ઓનલાઇન કામગીરી કરવાની રહેશે. જો કોઇ શાળાને પોતાનો પાસવર્ડ યાદ ન હોય તો તેવી શાળાઓએ "Forget Password" Option ના આધારે નવો પાસવર્ડ બનાવી લેવાનો રહેશે. કોઇ આચાર્યશ્રીનો મોબાઇલ નંબર બદલાયેલ હોય તો તેવા કિસ્સામાં જિલ્લાની SC/ST/OBC કચેરીનો સંપર્ક કરી આચાર્યશ્રી પોતાનો મોબાઇલ નંબર ડિજિટલ ગુજરાત પોર્ટલમાં અપડેટ કરાવી શકશે.(જો કોઇ શાળા પ્રથમ વખત જ લોગીન કરતા હોય તો તેના માટે શાળાનો DISE Code તેઓનો યુઝર આઇ.ડી રહેશે અને By Default પાસવર્ડ તમામ શાળાઓને પરિપત્રથી જણાવવામાં આવેલ છે તે રહેશે જે પ્રથમ વખતના લોગીન માટે રહેશે ત્યારબાદ શાળાએ લોગીન થયેથી પાસવર્ડ બદલવાનો રહેશે.)



➔ ઉક્ત સ્ક્રીન મુજબ ID-Password નાખી “Login” બટન પર ક્લીક કરતા નીચે મુજબની સ્ક્રીન જોવા મળશે જેમા વર્ષ:૨૦૨૫-૨૬ સીલેક્ટ કરી લોગીન કરવાનુ રહેશે જેથી નવા શૈક્ષણિક વર્ષમાં કામગીરી કરી શકાશે. જો વર્ષ: ૨૦૧૭-૧૮ થી વર્ષ:૨૦૨૪-૨૫ સીલેક્ટ કરવામાં આવશે તો જે તે વર્ષ દરમિયાન જે કામગીરી કરેલ હતી તેની માહિતી ચકાસી શકાશે.





➔ વર્ષ: ૨૦૨૫-૨૬ સીલેક્ટ કરી લોગીન કર્યા બાદ નીચે મુજબની સ્ક્રીન જોવા મળશે. જે સ્ક્રીન પરથી વર્ષ ૨૦૨૫-૨૬ના શૈક્ષણિક વર્ષની કામગીરી થઇ શકશે.



➔ ઉક્ત સ્ક્રીન મુજબ તમામ શાળાઓએ "Project" મેનુમાં જઇ "Scholarship" ઓપ્શન પર ક્લીક કરવાનુ રહેશે જેથી સ્કોલરશીપની કામગીરીને લગતા તમામ મેનું જોઇ શકાય અને શિષ્યવૃત્તિની તમામ કામગીરી સહેલાઇથી થઇ શકે.

➔ ઉક્ત સ્ક્રીન મુજ્બ "Students Register"માં જઇ "Students Entry New" પર ક્લિક કરતા વિદ્યાર્થીની નવી એન્ટ્રી કરી શકાય છે.

➔ વર્ષ:૨૦૨૩-૨૪થી એન્ટ્રી સ્ક્રીનમાં ફેરફાર કરવામાં આવેલ હતો અગાઉ વિદ્યાર્થીની એન્ટ્રી એક જ પેજ પરથી થઇ શકતી હતી જેને વર્ષ: ૨૦૨૩-૨૪થી પાંચ ભાગમાં Divide કરવામાં આવેલ છે અને અમુક ફીલ્ડ પણ ઉમેરવામાં આવેલ હતા. વધુમાં વર્ષ:૨૦૨૪-૨૫માં પણ અમુક ફીલ્ડ એન્ટ્રી વખતે ઉમેરવામાં આવેલ છે.




➔ તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી એકવાર "Student Register" મેનુમાં જઇ "Edit Student Entry" પર ક્લિક કરી "Show" બટન ક્લિક કરી વેરીફાઇ કરવી ફરજીયાત છે અને જેટલી વિગતો * Mark સાથે છે તે ભરવી ફરજીયાત છે. જે વિદ્યાર્થીઓની સામે "Entry Completed or Not" કોલમમાં "Yes" લખેલ હશે તે જ વિદ્યાર્થીની પ્રપોઝલ બની શકશે જેની આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે.

➔ વિદ્યાર્થીઓની એન્ટ્રી એક વખત કરવાની હોય વિદ્યાર્થીઓની તમામ મરજીયાત અને ફરજીયાત વિગતો અવશ્ય નાખવામાં આવે તે વધુ હિતાવહ છે કારણકે આવતા વર્ષે ફરીથી આ વિદ્યાર્થીના ધોરણ સિવાયની માહિતી બદલવાની રહેતી નથી સિવાય કે વિદ્યાર્થીએ અભ્યાસ છોડી દીધેલ હોય.

➔ ધો:૧ થી ૧૦ના તમામ વિદ્યાર્થીઓના આધારકાર્ડની વિગતો નાખવામાં આવે તેવુ આયોજન કરવાનુ રહેશે. જો વિદ્યાર્થીઓ પાસે આધારકાર્ડ ન હોય જિલ્લા વહીવટી તંત્ર સાથે સંકલન કરી શાળાના તમામઓને આધારકાર્ડ મળી જાય તે મુજબનું આયોજન કરવાનું રહેશે.

➔ વિદ્યાર્થીઓની આધારની વિગતો નાખ્યા બાદ **“Verify Aadhaar”** બટન પર ક્લિક કરવાનુ રહેશે. જો **“Aadhaar Status” Yes** આવશે તો જ વિદ્યાર્થીની એન્ટ્રી **Save** કરી શકાશે તેમજ પ્રપોઝલ બનાવી શકાશે. અત્રે **“Aadhaar Status”** તો જ **“Yes”** આવશે જ્યારે વિદ્યાર્થીની **“Date of Birth”, “Gender”, “Name As Per Aadhaar”, “UID(Aadhaar Number)”** એ ૪ પ્રકારની માહિતી આધારકાર્ડના ડેટાબેઝ પ્રમાણે નાખવામાં આવેલ હોય.

➔ ભારત સરકારશ્રીની યોજનાઓ (જેવી કે **BCK-4 & BCK-35**) અંતર્ગત આધારબેઝ ચુકવણું કરવાનું હોય ભારત સરકારશ્રીની યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓના આધારનંબરની વિગતો નાખવી ફરજિયાત છે તેમજ તેવા વિદ્યાર્થીઓના આધારનંબર બેંક ખાતા સાથે લીંક હોવા પણ ફરજિયાત છે. જો આવા વિદ્યાર્થીઓના આધારનંબરની વિગતો ભરવામાં નહિ આવેલ હોય અને આવા વિદ્યાર્થીઓના આધારનંબર બેંક ખાતા સાથે લીંક નહિ હોય તો તેવા વિદ્યાર્થીઓની પ્રપોઝલ બની શકશે નહિ જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે.

➔ ભારત સરકારશ્રીની યોજનાઓ (જેવી કે **BCK-4 & BCK-35**) અંતર્ગત વર્ષ:૨૦૨૩-૨૪થી વિદ્યાર્થીઓના/વાલીના મોબાઇલ નંબર નાખવા પણ ફરજિયાત છે અને તે છેલ્લા વર્ષની હાજરીની વિગતો પણ નાખવી ફરજિયાત છે. જે વિદ્યાર્થીઓની

એન્ટ્રીમાં મોબાઇલ નંબરની વિગતો કે છેલ્લા વર્ષની હાજરીની વિગતો નાખવામાં નહિ આવેલ હોય તેવા વિદ્યાર્થીઓની પ્રપોઝલ બની શકશે નહિ જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે.

➔ રાજ્ય સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત બેંકબેઝ ચુકવણું કરવામાં આવતુ હોય તમામ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ નંબર, બેંકનુ નામ, બેંક બ્રાન્ચનુ નામ, **IFSC Code**ની વિગતો આપવી ફરજીયાત છે અને બેંકને લગતી તમામ વિગતો વિદ્યાર્થી પાસેથી બેંક પાસબુકની નકલ મેળવીને એન્ટર કરવાની રહેશે કારણ કે તેના જ આધારે વિદ્યાર્થીઓના ખાતામાં સીધા શિષ્યવૃતિની રકમ જમા કરવાની હોય છે. વિદ્યાર્થીઓની બેંક ખાતાની વિગતો ખોટી આપવામાં આવશે અને શિષ્યવૃતિ અન્યના ખાતામાં જમા થશે તે અંગેની જવાબદારી શાળા/સંસ્થાની રહેશે જેની તમામ શાળાઓએ નોંધ લેવાની રહેશે. (અગાઉના વર્ષે અમુક બેંકનું મર્જર થયેલ હોય વિદ્યાર્થીઓની પ્રપોઝલ ઓનલાઇન મોકલતા પહેલા સંબંધિત વિદ્યાર્થીની બેંક ખાતાની વિગતો અદ્યતન કરવામાં આવેલ છે કે કેમ તેની ખાસ ચકાસણી કરી લેવાની રહેશે.)

➔ રાજ્ય સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત ઘણા વિદ્યાર્થીઓને ઓનલાઇન પેમેન્ટ કરતી વખતે વિદ્યાર્થીઓના ખાતા ડોરમેન્ટ એટલે કે સ્થગિત થઇ ગયેલ હોય છે અથવા બંધ થઇ ગયેલ હોય છે એવુ ધ્યાને આવેલ છે. આવા કિસ્સામાં વિદ્યાર્થીને સમયસર શિષ્યવૃતિ ચુકવી શકાતી નથી. જેથી તમામ વિદ્યાર્થીઓ પોતાના ખાતાને **KYC** કરાવીને રાખે એટલે કે જરૂરી ડોક્યુમેંટ જે તે બેંકને આપીને એક્ટીવ કરાવી રાખે તે મુજબની સૂચના તમામ વિદ્યાર્થીઓને આપવાની રહેશે.


➔ વિદ્યાર્થીઓની એંટ્રી કરતી વખતે જે વિદ્યાર્થીઓના **"Father/Guardian Occupation Type"** કે **"Mother Occupation Type"**માં **"Unclean Occupation"** સીલેક્ટ કરેલ હશે તે જ વિદ્યાર્થી **"BCK-4 Scholarship for Those Engaged in Cleaning and Prone to Health Hazards Occupation"** યોજના હેઠળ લાભ લઇ


શકશે. જેથી આચાર્યશ્રીઓએ એન્ટ્રી કરતી વખતે આવા વિદ્યાર્થીની એન્ટ્રીમાં **"Unclean Occupation"** ખાસ સીલેક્ટ કરવાનું રહેશે.

➔ સીસ્ટમ દ્વારા ગત વર્ષના તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી એક ધોરણ UP કરી વર્ષ:૨૦૨૫-૨૬ માટે ઓટોમેટીક મુકવામાં આવનાર છે જેથી શાળા/સંસ્થાઓએ ગત વર્ષના વિદ્યાર્થીઓની એન્ટ્રી ફરી કરવાની રહેતી નથી. પરંતુ તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી એકવાર "Student Register" મેનુમાં જઇ "Edit Student Entry" પર ક્લિક કરી "Show" બટન ક્લિક કરી વેરીફાઇ કરવી ફરજિયાત છે. જે વિદ્યાર્થીની એન્ટ્રી એકવાર અપડેટ કરેલ હશે તે જ વિદ્યાર્થીની પ્રપોઝલ બની શકશે જેની આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે. વધુમાં ગત વર્ષે જો કોઇ વિદ્યાર્થીની એંટ્રીમાં ક્ષતિ રહી ગઇ હોય તો તેને સુધારી લેવાની રહેશે. તેમજ જો કોઇ વિદ્યાર્થી શાળા છોડી ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીની એન્ટ્રી ફરજીયાત **Delete** કરવાની રહેશે. જો વિદ્યાર્થીની એન્ટ્રી **Delete** કરવામાં નહિ આવે તો જે શાળામાં વિદ્યાર્થી અભ્યાસ માટે ગયા હશે તે શાળાના આચાર્યશ્રી તેવા વિદ્યાર્થીની એંટ્રી કરવામાં મુશ્કેલી પડશે જેની ખાસ નોંધ લેશી. શાળાઓએ વિદ્યાર્થીઓની એન્ટ્રીની ખરાઇ શાળાને મળેલ પરિપત્રમાં જણાવેલ તારીખો મુજબ કરી લેવાની રહેશે.

➔ **જે વિદ્યાર્થીઓને ગત વર્ષે E-Payment કરવામાં આવેલ હતુ અથવા જે વિદ્યાર્થીઓનું બેંક વેરીફીકેશન "Valid and Verified" થઇને આવશે તેવા તમામ વિદ્યાર્થીની પ્રપોઝલ તુર્ત જ બની શકશે જ્યારે જે વિદ્યાર્થીઓના ગત Payment Transaction Fail થયેલ હતા અને વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ મળી શકેલ ન હતી તેવા વિદ્યાર્થીઓની બેંકની વિગતો Null કરી દેવામાં આવશે અને આવા તમામ વિદ્યાર્થીઓની બેંકની વિગતો "Students Register"માં જઇ "Edit Students Entry" પર ક્લિક કરી ફરજિયાત Update કરવાની રહેશે.**

➔ નીચે મુજબની સ્ક્રીન પ્રમાણે વિદ્યાર્થીઓની અગાઉની એન્ટ્રી "Edit Student Entry" મેનુમાં જઇને જોઇ શકાય છે / સુધારી શકાય છે / Delete કરી શકાય છે.





➔ ઉક્ત તમામ કામગીરી જેવી કે વિદ્યાર્થીની એન્ટ્રી વેરીફાઇ કરવાની કામગીરી, જે વિદ્યાર્થીઓ શાળા છોડી ગયેલ હોય તેઓને ડીલીટ કરવાની કામગીરી વિગેરે પૂર્ણ થઇ ગયા બાદ જ વિદ્યાર્થીઓની પ્રપોઝલ બનાવવાની કામગીરી શરૂ કરવાની રહેશે.


➔ તમામ કચેરી (SC/ST/OBC/Defense)ની દરખાસ્ત (Proposal) બનાવવાની પધ્ધતિ એક જ જેવી છે. ઉદા. તરીકે અનુસૂચિત જાતિ ખાતાની દરખાસ્ત બનાવવાની પધ્ધતિ અત્રે જણાવેલ છે.

➔ નીચે મુજબની સ્ક્રીનમાં જણાવ્યા પ્રમાણે " SJED ➔ Director, Scheduled Caste Welfare ➔ Create Proposal " મેનુ પર ક્લિક કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની જુદી-જુદી શિષ્યવૃત્તિ યોજનાઓની દરખાસ્તો અત્રેથી બનાવી શકાય છે. તેમજ "Cycle Scheme ➔ Director, Scheduled Caste Welfare ➔ Create Cycle Proposal" મેનુ પર ક્લીક કરતા અનુસૂચિત જાતિની વિદ્યાર્થીઓની સાયકલની પ્રપોઝલ બનાવી શકાશે.




➔ વિદ્યાર્થીઓની ગણવેશ સહાયની પ્રપોઝલ શિષ્યવૃતિ યોજનાની પ્રપોઝલની સાથે જ બની જશે. જેથી ગણવેશ સહાય યોજનાની પ્રપોઝલ અલગથી બનાવવાની જરૂરિયાત રહેતી નથી. (બાલવાટીકામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વર્ષ: ૨૦૨૫-૨૬થી ગણવેશ સહાય આપવામાં આવનાર છે જેથી તેઓની પ્રપોઝલ પણ નિયમોનુસાર બનાવવાની રહેશે.)

➔ **"Create Proposal"** મેનુ પર ક્લિક કરતા નીચે મુજબની સ્ક્રીન જોવા મળશે જ્યાથી **"Scheme Name"** પંસદ કરી **"Show"** બટન પર ક્લિક કરતા શાળાએ જે વિદ્યાર્થીઓની એન્ટ્રી કરેલ હતી તે પૈકી જે વિદ્યાર્થી સીલેક્ટ કરેલ યોજનામાં **Eligible** થતા હશે તે ગ્રીડમાં દેખાશે. અત્રેથી તે વિદ્યાર્થીઓને સીલેક્ટ કરી **"Add to Proposal From Grid"** મેનુ પર ક્લીક કરી પ્રપોઝલમાં એડ કરી પ્રપોઝલ બનાવી શકાય છે. આવી પ્રપોઝલ ને **"SJED ➔ Director, Scheduled Caste Welfare ➔ Proposal Detail "** મેનુમાં જઇને સેન્ડ કરી શકાય છે.




➔ ઉક્ત સ્ક્રીનમાં જણાવ્યા મુજબ "SJED ➔ Director, Scheduled Caste Welfare ➔ Proposal Detail" મેનુમાં જઇને પણ પ્રપોઝલ સેન્ડ કરી શકાય છે, જો પ્રપોઝલમાં કોઇ વિદ્યાર્થી પાછળથી ઉમેરવો હોય તો "Edit" બટન પર ક્લિક કરી ઉમેરી શકાય છે, જો પ્રપોઝલ Delete કરવી હોય તો Delete કરી શકાય છે. તેમજ જો પ્રપોઝલ સેન્ડ કરી દીધેલ હોય અને પાછળથી કોઇ સુધારો જણાયો હોય અને ઉચ્ચકક્ષાએથી તે પ્રપોઝલ પર કોઇ નિર્ણય ન લેવાયેલ હોય તો "Withdraw" બટનની મદદથી પ્રપોઝલ પરત ખેચી સુધારો-વધારો પણ કરી શકાય છે.

➔ વર્ષ: ૨૦૨૫-૨૬માં યોજનાવાર વિદ્યાર્થી પ્રપોઝલમાં તો જ સર્ચ થશે જો વિદ્યાર્થીની એન્ટ્રીના સ્ટેટસ નીચે મુજબના હશે.

| અ. | યોજનાનું નામ | એન્ટ્રી સ્ટેટસ |
|---|---|---|
| 1 | BCK-2/71 PreMatric Scholarship For SC (Std: 1 to 8) &(Std: 9 to 10) (GoG) | Entry Completed or Not : Yes<br>Account Verification Status : Valid and Verified Account<br>Verification Status Of Aadhaar : Yes |
| 2 | BCK-17 Scholarship for Most Backword Class Among SC Students (Std: 1 to 8) & BCK-17A : (Std: 9 to 10) (GoG) | Entry Completed or Not : Yes<br>Account Verification Status : Valid and Verified Account |
| 3 | BCK-4 Scholarship for Those Engaged in Cleaning and Prone to Health Hazards Occupation (Std: 1 to 8) & (Std: 9 to 10) (GoI) | Entry Completed or Not : Yes<br>Account Verification Status : Valid and Verified Account<br>Verification Status Of Aadhaar : Yes<br>PFMS Status : Verified<br>Aadhaar Based Biometric eKYC Status (In Ration Details): Yes |
| 4 | BCK-35 (239) PreMatric Scholarship for SC Students (Std: 9-10) (GoI) | Entry Completed or Not : Yes<br>Account Verification Status : Valid and Verified Account<br>Verification Status Of Aadhaar : Yes<br>PFMS Status : Verified<br>Aadhaar Based Biometric eKYC Status (In Ration Details): Yes |
| 5 | BCK-6 Free Cycle Scheme for Scheduled Caste Girls Students studying in Std:9 (Saraswati Sadhana Yojana) | Entry Completed or Not : Yes<br>Account Verification Status : Valid and Verified Account<br>Verification Status Of Aadhaar : Yes |

નોંધ: (૧) ઉક્ત ક્રમ નંબર ૩, ૪ અને ૫ મુજબની યોજના અંતર્ગત પ્રપોઝલ બનાવતી વખતે જો વિદ્યાર્થી/વાલીનો મોબાઇલ નંબર તેમજ વિદ્યાર્થીની ગત વર્ષની હાજરી એન્ટર કરેલ હશે તો જ વિદ્યાર્થી પ્રપોઝલમાં એડ થવા **Show** થશે જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે.


(૨) વિદ્યાર્થીનીની સાયકલની પ્રપોઝલ ત્યારે જ બની શકશે જ્યારે વિદ્યાર્થીનીની શિષ્યવૃત્તિની પ્રપોઝલ બનેલ હોય.

➔ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગની ૨ યોજનાઓ જેવી કે (૧) **BCK-4 Scholarship for Those Engaged in Cleaning and Prone to Health Hazards Occupation** અને (૨) **BCK-35 (239) PreMatric Scholarship for SC Students (GoI)**માં ફરજિયાત વિદ્યાર્થીઓના શિષ્યવૃતિના ફોર્મ ભરી શાળા/સંસ્થા કક્ષાએ રાખવાના રહેશે તેમજ જરૂરી ડોક્યુમેન્ટ પોર્ટલ પર **"Proposal Detail"**માં જઇ વિદ્યાર્થીવાર અપલોડ પણ કરવાના રહેશે. આ બે યોજનામાં વિદ્યાર્થીઓના ડોક્યુમેન્ટ

અપલોડ થયા બાદ જ વિદ્યાર્થીઓની પ્રપોઝલ ઓનલાઇન સેન્ડ થઇ શકશે જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવી.

➔ **<u>Family ID Project બાબત:</u>**

ફેમીલી આઇ.ડી. પ્રોજેક્ટ અંતર્ગત રાજ્ય પુરસ્કૃત પ્રિમેટીક શિષ્યવૃત્તિ યોજનામાં આધારનંબર, રેશનકાર્ડ નંબર તથા રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી. લેવાની સૂચનાઓ મળેલ છે જેથી તમામ વિદ્યાર્થીઓના આધારનંબર, રેશનકાર્ડ નંબર, રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી., નો ડેટા પણ ઓનલાઇન લેવાનો થશે. જે માટે પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ઓનલાઇન એન્ટ્રી કરતી વખતે એન્ટ્રી સ્ક્રીનમાં પણ જરૂરી સુધારા-વધારા કરવામાં આવેલ છે જે મુજબ આચાર્યશ્રીઓએ એન્ટ્રી કરવાની રહેશે. (જે નવી સ્ક્રીન બનાવવામાં આવેલ છે તે નીચે મુજબ છે)




ઉપર મુજબની સ્ક્રીનમાં રેશનકાર્ડમાં દર્શાવેલ વિદ્યાર્થીનો મેમ્બર આઇ.ડી. નંબર **Enter** કરી **Get Details** બટન પર ક્લીક કરવાથી વિદ્યાર્થીની રેશનકાર્ડના ડેટાબેઝમાં ઉપલબ્ધ માહિતી **API** મારફત આવી જશે. શાળાના આચાર્યએ ફરજિયાત સુનિશ્ચીત કરવાનું છે કે જે વિદ્યાર્થીની શિષ્યવૃત્તિ માટે એન્ટ્રી થઇ રહેલ હોય તે જ વિદ્યાર્થીનો ડેટા **"Get Details"** કરી મેળવવામાં આવે. આ સર્વિસ મારફત અન્ય કોઇ

વિદ્યાર્થીઓનો ડેટા મેળવી કોઇ પણ વિદ્યાર્થીઓની એંટ્રી ના થાય તેની તકેદારી શાળાઓએ રાખવાની રહેશે.

➔ <u>વિદ્યાર્થીઓના **Aadhaar Based Biometric eKYC** કરવા બાબતે અગત્યની સૂચનાઓ:</u>

કેન્દ્ર સરકારશ્રી દ્વારા કેન્દ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ (**BCK-4 & BCK-35(239)**) અંતર્ગત વર્ષ: ૨૦૨૪-૨૫થી તમામ વિદ્યાર્થીઓનું ફરજિયાત **Aadhaar Based Biometric eKYC** કરવાની સૂચનાઓ આપવામાં આવેલ છે.

ઉકત બાબતે નક્કી થયા મુજબ રાજયમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા રેશનકાર્ડના ડેટાબેઝમાં તમામ લાભાર્થીઓનું **Aadhaar Based Biometric eKYC** કરવામાં આવી જ રહેલ છે. જેથી રાજ્યના અન્ય વિભાગોએ જ્યાં જ્યાં **Aadhaar Based Biometric eKYC** કરવાની જરૂર પડે ત્યારે સંબધિત વિભાગોએ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ડેટાબેઝ સાથે ઓનલાઇન **Integration** કરી **API Service** મારફત સંબંધિત વિદ્યાર્થીઓની આધારની **eKYC**ની વિગતો મેળવી લેવાની રહે છે.

ડિજિટલ ગુજરાત પોર્ટલ પર આ બાબતનું **Integration already** કરવામાં આવેલ છે. જેથી તમામ આચાર્યશ્રીઓ પોતાની શાળાના વિદ્યાર્થીઓના **Aadhaar Based Biometric eKYC**નો ડેટા ઓનલાઇન એન્ટ્રી કરતી વખતે વિદ્યાર્થીઓનો રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી. એન્ટર કરીને મેળવી શકશે. કેન્દ્ર સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત જો વિદ્યાર્થીઓનું **Aadhaar Based Biometric eKYC "Yes"** હશે તો જ વિદ્યાર્થીઓ પ્રપોઝલ બનાવતી વખતે સર્ચ થઇ શકશે જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે.

વિદ્યાર્થીનું **Aadhaar Based Biometric eKYC** ત્યારે જ **"Yes"** આવશે જ્યારે વિદ્યાર્થીઓએ અન્ન નાગરિક પુરવઠા વિભાગના રેશનકાર્ડના ડેટાબેઝમાં પોતાનું **Aadhaar Based Biometric eKYC** કરાવેલ હશે. વિદ્યાર્થી પોતાનું **Aadhaar Based Biometric eKYC "My Ration" Mobile Application (https://play.google.com/store/apps/details?id=gujarat.banaskantha.myration&pcampaignid=web_share)** દ્વારા તથા મામલતદાર કચેરીની મુલાકાત

લઇ કરી શકે છે તથા ગ્રામ પંચાયત કચેરીમાં VCE મારફત તથા આચાર્યશ્રી પણ અન્ન નાગરિક પુરવઠા વિભાગના રેશનકાર્ડના ડેટાબેઝમાં Aadhaar Based Biometric eKYC કરી શકશે.

જે વિદ્યાર્થીઓએ Aadhaar Based Biometric eKYC કરાવવાનું થાય તેઓ પાસે રેશનકાર્ડ હોવું ફરજિયાત છે તથા રેશનકાર્ડ માં નામ હોવુ ફરજિયાત છે.

➔ **HoI (Head of Institute) / INO (Insitute Nodal Officer)ના Aadhaar Based Biometric eKYC કરવા બાબતે અગત્યની સૂચનાઓ:**

કેન્દ્ર સરકારશ્રી દ્વારા કેન્દ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ (BCK-4 & BCK-35(239)) અંતર્ગત તમામ HoI/INOના Aadhaar Based Biometric eKYC કરવાની સૂચનાઓ આપવામાં આવેલ છે.

ઉકત બાબતે નક્કી થયા મુજબ રાજયમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા રેશનકાર્ડના ડેટાબેઝમાં તમામ વ્યક્તિઓનુ Aadhaar Based Biometric eKYC કરવામાં આવી જ રહેલ છે. જેથી રાજ્યના અન્ય વિભાગોએ જ્યાં-જ્યાં Aadhaar Based Biometric eKYC કરવાની જરૂર પડે ત્યારે સંબંધિત વિભાગોએ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ડેટાબેઝ સાથે ઓનલાઇન Integration કરી API Service મારફત સંબંધિત વિદ્યાર્થીઓની આધારની eKYCની વિગતો મેળવી લેવાની રહે છે.

ડિજિટલ ગુજરાત પોર્ટલ પર આ બાબતનું Development already કરવામાં આવેલ છે. જેથી તમામ આચાર્યશ્રીઓએ પોતાના લોગીનમાં જઇને HoI/INOનું Aadhaar Based Biometric eKYC કરવા બાબતનું ફોર્મ ફરજિયાત ઓનલાઇન ભરીને જિલ્લા કચેરીઓને સબમીટ કરવાનું રહેશે.

કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા તમામ HoI/INOના Aadhaar Based Biometric eKYC કરવાની સૂચનાઓ આપવામાં આવેલ હોય તમામ આચાર્યશ્રીઓએ પોતાના લોગીનમાં જઇને જરૂરી વિગતો ફરજિયાત ભરવાની રહેશે.

### ➔ સરસ્વતી સાધના યોજના બાબત

સરસ્વતી સાધના યોજના (સાયકલ સહાય) અંતર્ગત ધો:૯ની કન્યાઓને ઓનલાઇન દરખાસ્તો કરતી વખતે પણ પિતા/વાલીના આવકના દાખલાની નકલ તેમજ કન્યાઓના જાતિના દાખલાની/જાતિ પુરવાર કરતા કોઇ એક આધારભૂત પુરાવાની નકલ પણ અપલોડ કરવાની હોય પ્રપોઝલ બની ગયા બાદ **"Cycle Scheme"** મેનુમાં જઇ **" Director Scheduled Caste Welfare"** ઓપ્શનમાં જઇ **"Proposal Cycle Detail"** પર ક્લિક કરી જે પ્રપોઝલ સેન્ડ કરવાની હોય તે પ્રપોઝલના તમામ વિદ્યાર્થીનીઓના જાતિના દાખલા/જાતિ પુરવાર કરતા કોઇ એક આધારભૂત પુરાવાની નકલ તેમજ તેઓના વાલીના આવકના દાખલાની નકલ અપલોડ કરવાની રહેશે. જાતિ અને આવકના આધાર/પુરાવા અપલોડ કર્યા બાદ જ **Cycle**ની પ્રપોઝલ હાયર ઓથોરીટીને સેન્ડ કરી શકાશે જેની નોંધ લેવી.

### ➔ બાલવાટીકા ગણવેશ સહાય(નવી યોજના)

વર્ષ ૨૦૨૫-૨૬ થી બાલવાટીકા (ધો.-૧ પહેલાનુ વર્ષ)માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવાની નવી યોજના સરકારશ્રીના તા.૦૩/૦૪/૨૦૨૫ના ઠરાવથી અમલમાં મુકવામાં આવેલ છે. જેથી ચાલુ વર્ષમાં રાજ્યની શાળાઓમાં બાલવાટીકા (ધો.-૧ પહેલાનુ વર્ષ)માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ગણવેશ સહાયની પ્રપોઝલ સંબધિત શાળાઓએ ઓનલાઇન મોકલી આપવાની રહેશે.

➔ કેટલા વિદ્યાર્થીઓની એન્ટ્રી થઇ, કેટલા વિદ્યાર્થીઓની પ્રપોઝલ બની, કેટલી પ્રપોઝલ એપ્રુવ થઇ, કેટલા વિદ્યાર્થીઓનુ બેંક વેરીફીકેશન બાકી છે વિગેરે માહિતી **"Dashboard"** માંથી ચેક કરી શકાય છે જેનો ઉપયોગ તમામ આચાર્યશ્રીઓએ કરવા વિનંતી છે.

➔ રાજય સરકારશ્રીની યોજના અંતર્ગત ચાલુ વર્ષે જો કોઇ વિદ્યાર્થીઓને **E-payment** કરતી વખતે **E-payment Transaction Fail** થાય એટલે કે વિદ્યાર્થીઓના ખાતામાં શિષ્યવૃતિ જમા ન થાય તો તેવા વિદ્યાર્થીઓની યાદી

શાળાના લોગીનમાં Utility ➔ **Update Payment Failed Student Account** મેનુ પર ક્લિક કરવાથી જોઇ શકાશે.

જો વિદ્યાર્થીનું ખાતુ ડોરમેન્ટ હોઇ / ફ્રીઝ હોય કે ઇન એક્ટીવ હોય તો તેવા વિદ્યાર્થીઓને **"Consent for Reactivated Dormat/ Freeze / Inactive Account "** બટનપર ક્લિક કરી જોઇ શકાશે અને આવા વિદ્યાર્થીઓને સંબંધિત બેંકનો સંપર્ક કરાવી ખાતુ એક્ટીવ કરાવી ફરી જિલ્લામાં ઓનલાઇન મોકલી આપવાનું રહેશે.

જો વિદ્યાર્થીનો ખાતા નંબર ખોટો નખાઇ ગયેલ હોય તો **"Update Bank Account(If Account / IFSC Code Wrong)"** બટન પર ક્લિક કરી જે તે વિદ્યાર્થીની બેંકની વિગતો સુધારી ફરી જિલ્લામાં ઓનલાઇન મોકલવાનું રહેશે.

તમામ આચાર્યશ્રીઓને ખાસ વિનંતી કે આ મેનુંમાં વિદ્યાર્થી દેખાતા થયેથી તુર્ત જ વિદ્યાર્થીની વિગતો અપડેટ કરી/સુધારી દિન-૨માં વિગતો જિલ્લા કચેરીને ઓનલાઇન મોકલી આપવાની રહેશે. (જો ખાતા **Active** કરાવ્યા વગર કે સુધાર્યા વગર ફરી હાયર ઓથોરેટીને સેન્ડ કરી દેવામાં આવશે તો તેવા વિદ્યાર્થીઓને ફરી ઓનલાઇન પેમેન્ટ થઇ શકશે નહિ.)

➔ ડિજિટલ ગુજરાત પોર્ટલના પ્રશ્નો અન્વયે જરૂર જણાયે ડિજિટલ ગુજરાત પોર્ટલના હેલ્પ ડેસ્ક નં **18002335500** પર સંપર્ક કરવાનો રહેશે.

---

<u>ડિજિટલ ગુજરાત પોર્ટલ પરની ગત વર્ષ ૨૦૨૪-૨૫ની ઓનલાઇન કામગીરી સારી રીતે પૂર્ણ કરવા બદલ</u>
<u>સર્વે આચાર્યશ્રીઓ તથા શાળાના સ્ટાફશ્રીઓનો</u>
<u>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર (SJED) તથા</u>
<u>નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર આભાર માને છે.</u>

<u>વર્ષ ૨૦૨૫-૨૬માં પણ ડિજિટલ ગુજરાત પોર્ટલ પરની તમામ ઓનલાઇન કામગીરી સમયમર્યાદામાં ચોકસાઇ પૂર્વક અને ઝડપથી પૂર્ણ કરવામાં આવે તેવી આચાર્યશ્રીઓ પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે.</u>

---

**વર્ષ: ૨૦૨૫-૨૬માં Digital Gujarat Portal મારફત Online કરવાની થતી પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય/સાયકલ સહાય યોજનાઓની વિગત (પત્રક-અ)**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત રાજ્ય**

**નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર**

| ક્રમ | યોજનાનુ નામ | જાતિ | ધોરણ | કુમાર કન્યા | શિષ્યવૃતિ દર / સહાય (વાર્ષિક) | વાર્ષિક આવક મર્યાદા | શાળાઓની વિગતો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **BCK-2/71 PreMatric Scholarship For SC (Std: 1 to 8) & (Std: 9 to 10) (GoG)** | SC (અનુસૂચિત જાતિ) | ધો.૧ થી ૫ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ/ આશ્રમશાળાઓ |
| | | | ધો. ૬ થી ૮ | કુમાર | રૂ.૭૫૦/- | | |
| | | | ધો. ૬ થી ૮ | કન્યા | રૂ.૧૦૦૦/- | | |
| | | | ધો. ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૧૦૦૦/- | | |
| ૨ | **BCK-17 Scholarship for Most Backword Class Among SC Students (Std: 1 to 8) & BCK-17A : (Std: 9 to 10) (GoG)** | SC (માત્ર અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિ) | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ. ૧૦૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| | | | ધો ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૧૫૦૦/- | | |
| 3 | **BCK-16 Uniform Assistance to SC Students (Std: 1 to 8) (GoG)** | SC (તમામ અનુસૂચિત જાતિ) | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ.૯૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| ૩એ | **BCK-16A Uniform Assistance to SC Students (In Balvatika) (GoG)** | SC (અનુસૂચિત જાતિ) | બાલવાટીકા | કુમાર/ કન્યા | રૂ.૯૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| ૪ | **BCK-4 Scholarship for Those Engaged in Cleaning and Prone to Health Hazards Occupation (Std: 1 to 8) & (Std: 9 to 10) (GoI)** | સ્વચ્છતાના વ્યવસાયમાં રોકાયેલ વાલીના બાળકો | ધો ૧ થી ૧૦ | કુમાર/કન્યા | (ધો:૩ થી ૧૦) હોસ્ટેલરને રૂ.૮૦૦૦/- (ધો: ૧ થી ૧૦) ડેસ્કોલરને રૂ.૩૫૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળા |
| ૫ | **BCK-35 (239) PreMatric Scholarship for SC Students (Std: 9-10) (GoI)** | SC (તમામ અનુસૂચિત જાતિ) | ધો-૯ થી ૧૦ | કુમાર/કન્યા | હોસ્ટેલરને રૂ.૭૦૦૦/- ડેસ્કોલરને રૂ.૩૫૦૦/- | રૂ.૨,૫૦,૦૦૦/- | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| ૬ | **BCK-6 Free Cycle Scheme for Scheduled Caste Girls Students studying in Std:9 (Saraswati Sadhana Yojana)** | SC (તમામ અનુસૂચિત જાતિ) | ધો: ૯ | માત્ર કન્યા | મફત સાયકલ સહાય | રૂ.૬,૦૦,૦૦૦/- | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત માધ્યમિક શાળાઓ |

**નોંધ:** ક્રમનં: ૪ તથા ૫ મુજબની યોજના અંતર્ગત કુલ શિષ્યવૃતિની ૪૦% રકમ રાજ્ય સરકારશ્રી દ્વારા ચુકવવામાં આવશે જ્યારે બાકીની ૬૦% રકમ કેંદ્ર સરકારશ્રી દ્વારા ડાયરેક્ટ વિદ્યાર્થીઓના બેંક ખાતામાં ચુકવવામાં આવશે. વધુમાં આ રકમ આધારબેઝ એટલેકે આધારનંબર સાથે જે બેંક ખાતુ લીંક હશે તેમા જ ચુકવવામાં આવશે જેથી તમામએ નોંધ લેવાની રહેશે.

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર

## નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર

### પ્રાથમિક/માધ્યમિક શાળાઓ તેમજ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓ પાસેથી વર્ષ:૨૦૨૫-૨૬ની શિષ્યવૃતિ/ગણવેશ સહાય / સાયકલ સહાય યોજનાઓની Online દરખાસ્ત મેળવવા બાબતનુ તેમજ જિલ્લા કચેરીએ કરવાની થતી કામગીરીનું "માસવાર આયોજન" પત્રક

| અ | માસ | NIC દ્વારા થનાર કામગીરી | શાળાઓની કામગીરી | જિલ્લા કચેરીએ કરવાની કામગીરી |
|---|---|---|---|---|
| ૧ | મે-<br>જુન-<br>૨૦૨૫ | - પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓના ગત વર્ષના વિદ્યાર્થીઓનુ ૧ ધોરણ અપગ્રેડ કરી તા:૩૦/૦૫/૨૦૨૫ સુધીમાં વર્ષ:૨૦૨૫-૨૬ માટે પ્રપોઝલ બનાવવા મુકવા. | - વર્ષ:૨૦૨૫-૨૬ના વિદ્યાર્થીઓની માહિતી શાળાના લોગીનમાં NIC દ્વારા મુકવામાં આવશે જે એન્ટ્રી તા:૦૧/૦૬/૨૦૨૫ થી ૧૫/૦૬/૨૦૨૫ સુધીમાં ચેક કરી જો સુધારા વધારા કરવાની જરૂર જણાય તો તે કરી લેવા. (વર્ષ:૨૦૨૫-૨૬ માટે તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી ૧ વાર ચકાસવી ફરજિયાત છે) (જો વિદ્યાર્થીએ શાળા છોડી દીધેલ હોય તો તેની એંટ્રી ડિલીટ કરવી)<br>- તા:૩૦/૦૬/૨૦૨૫ સુધીમાં જેટલા વિદ્યાર્થીઓ પ્રપોઝલ બનવા માટે રેડી હોય તેઓની પ્રપોઝલ બનાવીને મોકલી આપવી. | - તમામ શાળાઓને વર્ષ ૨૦૨૫-૨૬નો પરિપત્ર તા:૩૦/૦૫/૨૦૨૫ સુધીમાં મોકલી આપવો.<br>- જેમ જેમ દરખાસ્તો મળતી જાય તેમ અરજીઓ મંજુર કરવી. |
| ૨ | જુલાઇ-<br>ઓગસ્ટ-<br>સપ્ટેમ્બર-<br>ઓક્ટોબર-<br>નવેમ્બર-<br>૨૦૨૫ | - જે વિદ્યાર્થીઓની એન્ટ્રી નવી થાય તેઓનું બેંક વેરીફીકેશન / PFMS Status ચેક કરાવી પ્રપોઝલ બનવા માટે રેડી કરવા.<br>- પ્રપોઝલ તથા બિલોના ટેકનિકલ પ્રશ્નોનું નિરાકરણ કરવુ. | - બાકી રહેલ તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી પૂર્ણ કરવી તેમજ પ્રપોઝલો ક્રિએટ કરી તા:૩૧/૧૦/૨૦૨૫ સુધીમાં Higher Authority ને સેન્ડ કરવી. | - વર્ષ ૨૦૨૫-૨૬ની દરખાસ્તો શાળાઓ પાસેથી ઝડપથી મેળવી મંજૂરીની કામગીરી તથા IFMS/PFMSમાં બિલો બનાવી ચૂકવણાની કામગીરી કરવી અને તા:૧૫/૦૭/૨૦૨૫ સુધીમાં ૮૦% વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવાય જાય તે મુજબ આયોજન કરવુ.<br>- વર્ષ ૨૦૨૫-૨૬ની ૧૦૦% પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાયની પ્રપોઝલ નિયમોનુસાર મંજૂર કરી બિલો બનાવી તમામ વિદ્યાર્થીઓને તા:૩૦/૧૧/૨૦૨૫ સુધીમાં ચૂકવણું થઇ જાય તે મુજબનું આયોજન કરવુ. |

નોંધ:-

- જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Payment Transaction Fail થયેલ હતા તેવા શાળાના તમામ વિદ્યાર્થીઓને જે તે બેંકનો સંપર્ક કરાવી વિદ્યાર્થી/પિતા-વાલીનુ ખાતુ એક્ટીવ રહે તે મુજબની કાર્યવાહી શાળાઓએ કરવાની રહેશે. જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Epayment થયેલ હતા તેવા વિદ્યાર્થીઓના ખાતા પણ ફ્રીઝ/ડોરમેન્ટ/બંધ થઇ ગયેલ નથી તેની પણ ખાતરી કરવા વિદ્યાર્થીઓ સાથે સંકલન કરી કામગીરી કરવાની રહેશે, વિદ્યાર્થીઓના બેંક ખાતા રાજ્યમાં આવેલી બેંક-બ્રાંચમાં હોય તેની પણ તકેદારી શાળાઓએ રાખવાની રહેશે, વિદ્યાર્થીનું બેંક એકાઉન્ટ વધુમાં વધુ એક (૧) વિદ્યાર્થીઓની એન્ટ્રીમાં જ ઉપયોગ કરી શકાશે.
- જે વિદ્યાર્થીઓના પોસ્ટ ઓફીસમાં ખાતા હોય તે વિદ્યાર્થીઓના ખાતા ઇન્ડીયન પોસ્ટલ બેંકમાં તાત્કાલિક અસરથી ખોલાવી વિદ્યાર્થીની એન્ટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે, જે વિદ્યાર્થીઓની ઉંમર ૧૦વર્ષ થી વધુ હોય તેવા વિદ્યાર્થીઓના આધારનંબર સાથે Postal Payment Bank માં "0" ઝીરો બેલેન્સથી બેંક ખાતુ ખોલાવી શકાશે, જો વિદ્યાર્થીઓના ખાતા પોસ્ટલ બેંકમાં ખુલી શકે તેમ ન હોય તો તેવા વિદ્યાર્થીઓના તાત્કાલિક નવા બેંક ખાતા ખોલાવી વિદ્યાર્થીની એંટ્રી શાળાઓએ પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે.
- ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત વર્ષ:૨૦૨૨-૨૩થી શિષ્યવૃત્તિના ૬૦% રકમનું ચુકવણું કેંદ્ર સરકારશ્રી દ્વારા સીધુ વિદ્યાર્થીઓના ખાતામાં કરવામાં આવે છે અને કેંદ્ર સરકારશ્રી દ્વારા જણાવ્યા મુજબ તેઓ દ્વારા આધાર બેઝ પેમેન્ટ જ કરવામાં આવતુ હોય કેંદ્ર સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત પાત્રતા ધરાવતા તમામ વિદ્યાર્થીઓના બેંક ખાતા આધાર સાથે લીંક થઇ જાય તેની તકેદારી તમામ શાળાઓએ રાખવાની રહેશે.
- વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવાય ત્યારે શાળાના લોગીન મારફત તે જાણી શકાય છે જેથી વિદ્યાર્થીઓને જ્યારે શિષ્યવૃત્તિ ચુકવાય ત્યારે શાળાઓએ સંબંધિત વિદ્યાર્થીઓને જાણ કરવાની રહેશે.
- શિષ્યવૃતિ યોજનાઓ પૈકી વિદ્યાર્થીને જે યોજનામાં વધારે સહાય મળતી હોય તેવી યોજનાઓમાં સમાવવાના રહેશે.
- તમામ વિદ્યાર્થી ગત વર્ષની પરીક્ષામાં નિયમોનુસાર પાસ થયેલ હોવા જોઇએ અને નિયમિત વિદ્યાર્થીઓની જ દરખાસ્ત કરવાની રહેશે.
- અમાન્ય શાળાઓએ શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવી નહી અને તેમ છતાં જો દરખાસ્ત કરવામાં આવશે તો જે તે શાળા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.
- જો કોઇ વિદ્યાર્થીને કોઇ એક ધોરણમાં શિષ્યવૃત્તિ મળી ગયેલ હોય તો તે જ ધોરણ માટે આવનાર વર્ષોમાં ફરી શિષ્યવૃત્તિની દરખાસ્ત ના થાય તેની ખાસ તકેદારી આચાર્યશ્રીએ રાખવાની રહેશે.
- આચાર્યશ્રીઓ દ્વારા જ્યારે વિદ્યાર્થીઓના બેંક ખાતાની વિગતો ભરવામાં આવે ત્યારે તે બેંક ખાતા વિદ્યાર્થીઓના જ છે કે કેમ તેની ખાસ ચકાસણી કરી લેવાની રહેશે.
- ઉક્ત તમામ શરતો માર્ગદર્શન પુરતી છે. આખરી અર્થઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે.